‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૬



# સમર્પિત શિક્ષકની શિક્ષણયાત્રા

–પ્રતાપભાઈ ત્રિવેદી

લોકભારતી પ્રકાશન – સણોસરા

## ‘શ્રેણી: ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૬

સમર્પિત શિક્ષકની શિક્ષણયાત્રા :

લેખક : પ્રતાપભાઈ ત્રિવેદી

**લોકભારતી પ્રકાશન**

સણોસરા – ૩૬૪ ૨૩૦

તાલુકા : શિહોર (જિ. ભાવનગર)

ગુજરાત. ભારત. (India)

પ્રકાશક :

**નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.**

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

## અનુક્રમ

ઉપહાર....................4
લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....................5
કુટુંબ પરિચય....................7
મારું શિક્ષણ....................8
બે યાદગાર પ્રવાસો....................10
અધ્યાપનમંદિરમાં અદલાબદલી !....................13
નાનાભાઈની માંદગી....................15
શિક્ષકજીવનની શરૂઆત....................16
માલપરા ભણી....................18
માટલિયાભાઈનું માલપરા....................19
અમારાં પ્રદર્શનો....................23
શિક્ષકનું સામર્થ્ય અને યાત્રા – રામથી શ્યામ તરફ....................29
યાત્રા - શિક્ષકની અને શિક્ષણની....................31
લોકદક્ષિણામૂર્તિ સન્માન....................33
બાયોડેટા....................34

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટેકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'***ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે)** તથા ***શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## કુટુંબ પરિચય

પાંચ ભાંડરડાંમાં હું વચેટ. બે બહેનો મોટી. એક ભાઈ અને એક બહેન નાનાં. અમે ત્રણેય પૂંછડિયાં શિક્ષકો. બન્ને મોટી બહેનો ભણેલી થોડું પણ વાચનબળે પૂરી ક્ષમતાવાળી. મારા જન્મ પહેલાં બાએ ચાર ભાઈઓને વળાવેલા. એટલે મારો ઉછેર લાડકોડથી થયો.

પિતાજી પ્રાથમિક શાળામાં શિક્ષક. પ્રામાણિક અને વ્યવહારદક્ષ. બહેનો , ભાણેજો, કુટુંબકબીલા, મિત્ર મંડળમાં આદરપાત્ર; આંગણું અતિથિઓથી ભર્યુંભર્યું. મહેમાનપ્રિય વ્યક્તિત્વ.

ગાયકવાડી શિક્ષક, ફરજિયાત શિક્ષણ. ખોટી હાજરી પૂરવાના બદલામાં અનાજ , કઠોળ, ઘી, દૂધ મળી રહે. એક વખત ખાટે હીંચકતાં પડી ગયા. હાથ ભાંગ્યો. નિકટના મુરબ્બી મિત્ર કહે - “તેં લીધું હતું જમણે હાથે ને ભાંગ્યો ડાબો હાથ. ખોટું થયું.” કટાક્ષ બરાબર મર્મસ્થાને વાગ્યો. પછી ક્યારેય અણહક્કનું ખાધું નથી. નેવું વર્ષનું આયુષ્ય ભોગવ્યું. સર્વિસ પણ ખૂબ નિષ્ઠાથી કરી. નીતિમત્તા જીવનવ્યવહાર બની ગયો. ભારે કિંમતી ઘરેણાં એમને અનેક વાર જડ્યાં હોય, માલિકને શોધીને પરત કરે ત્યારે જ તેમને નિરાંત થાય.

ભક્તિનો આડંબર નહિ. પણ ગાયત્રી ઉપાસના ખરી. હજારોને ગાયત્રીમંત્રથી વીંછી ઉતારતા અમે જોયેલા. રડતો આવેલ માણસ હસતો હસતો જાય.

માતા અભણ. નાની વયે પરણ્યાં. પરણ્યાં પછી વાંચતાં શીખ્યાં. લખતાં આજેય આવડતું નથી. પણ આજે નેવું વર્ષેય છ સાત કલાક વાંચે. રામાયણ, મહાભારત, ભાગવત, નાનાભાઈની કથાઓ, મેઘાણીની વાર્તાઓ, ભારે ઠાવકાઈથી રહી શકે. વાર્તાનો અખૂટ ખજાનો. કીર્તન , ધોળ, ભજનો, કથાનકો બેશુમાર યાદ . આજેય મીઠા રાગે અમે ગવડાવીએ.

જીવન પરિશ્રમી. ડોશી રેંટિયો, પેટી રેંટિયો, અંબર ચરખો પૂરક અર્થોપાર્જન નિમિત્તે ચલાવેલા. તેમનાં સિત્તેર વર્ષના આયુષ્ય સુધી સચવાયાં. ત્યાર પછી ભરતગૂંથણ, મોતીકામ, રજાઈઓ થતી રહી.

## મારું શિક્ષણ

પ્રાથમિક શિક્ષણ ગારિયાધાર તાલુકાના ગણેશગઢ ગામમાં. મારા બાપુજીની પ્રેરણાથી શિક્ષક બનેલા શ્રી ઠાકરશીભાઈ મને વિશેષ યાદ રહ્યા છે. ખૂબ નિષ્ઠાવાન. સમય કરતાં શાળાએ પંદર મિનિટ વહેલા આવે અને શાળા છૂટ્યા પછી પા અર્ધો કલાક ઢૂંગલું વળેલાં બાળકોથી વીંટળાયેલા હોય. સજાગ શિક્ષક.

માધ્યમિક શિક્ષણ ત્રણ વર્ષનું પણ અનાકર્ષક.

આવક ટાંચી. પિતાજી પેન્શનના આરે. મંત્રી તાલીમમાં જાઉં તો છ મહિના અને અધ્યાપનમંદિરમાં જાઉં તો બે વર્ષ. નીતિમત્તા ફરજિયાત સચવાય એટલે હું શિક્ષક થાઉં તેવી પિતાજીની લાગણી. હું લોકભારતી આધ્યાપન મંદિરનો વિદ્યાર્થી બન્યો. ૧૯૫૬માં.

મારે માટે તદ્દન નવી દુનિયા. પહેલો દિવસ. પહેલો વર્ગ ગણિતનો. શ્રી સોમાભાઈએ બૉર્ડ ઉપર ચાર દાખલા લખાવ્યા. અમારી પ્રથમ ટેસ્ટ. વિચારતા ધીમે ધીમે રકમ લખે. મોં ફેરવ્યું. હું જવાબ લઈ હાજર થયો. મને કહે: "ગાયકવાડી વિદ્યાર્થી છો? ખૂબ ઝડપથી લાવ્યા !"

મેં કહ્યું- "હા."

પહેલો જ અનુભવ સુખદ રહ્યો.

અમારા છાત્રાલયની બાજુમાં જ પૂ. નાનાભાઈનો નિવાસ. લોકભારતીના સ્નાતક થઈ શ્રી યશવંતભાઈ તાજા જ અધ્યાપક તરીકે જોડાયેલા. તેઓ અમારા ગૃહપતિ. ચૂનીદાદા અમારા આચાર્ય. પૂ. નાનાભાઈ મહાભારતની વાર્તાઓ કહે. મનુભાઈ સંસ્કૃતનાં સુભાષિતો રાત્રે રાત્રે શીખવે.

યશવંતભાઈ અમારી ભારે ખેવના રાખે. પ્રેમ વરસાવે. પણ સતર્ક એટલા કે એમની જાણ બહાર કશું ન હોય. અમારા ઘડતર માટે પૂરા મથે. રાત્રે, વહેલી સવારે તેમની ગપસપ ચાલે. વૈધિક કરતાં આ અવૈધિકમાં અમે વધુ પામ્યાં. અમારા માટે સતત જાગૃતિ અને અનર્ગળ પ્રેમ સંજીવની હતાં.

ઘરના સંસ્કારમાં વાચન અભિમુખતા હતી. પણ મૂલ્યવાન સાહિત્યિક કૃતિઓનો પરિચય અહીં પામ્યાં.

અમારી ટુકડી સીમિત સંખ્યાની હતી. એટલે વ્યક્તિગત ધ્યાન પણ અપાતું. સ્વાધ્યાય પદ્ધતિ , સમયાંતરે લેવાતી કસોટીઓ, ડરામણા ભારણ વિનાની પરીક્ષાઓ , લગભગ સ્વયં સંચાલિત જ થતી. ઑફિસેથી પ્રશ્ન પેપરો જાતે જ લઈ આવીએ. છતાં ખાનગીમાં જોઈ લેવાની ચેષ્ટા કોઈ ક્યારેય કરતું નહિ.

લોકભારતીના બે માસના વસવાટમાં જ અમે જાણી લીધું કે નાનાભાઈ તો સૌરાષ્ટ્ર રાજ્યનું પ્રધાનપદ છોડી ફરી શિક્ષણનું કાર્ય કરવા આવ્યા છે. ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા જે તેમણે સ્વહસ્તે વિકસાવેલી ,

દેશભરમાં પ્રતિષ્ઠિત કરેલી, તે ક્ષણનાયે વિલંબ વિના છોડી, માત્ર દક્ષિણામૂર્તિદેવનો ફોટો અને એક ફાનસ લઈ આંબલા આવ્યા. ગ્રામસમાજની કેળવણી કેવી હોય તેના દિશાદોર નક્કી કરવા ઘણી મથામણ કરી છે. કૉલેજનું પ્રિન્સિપાલપદ હાથવગું થવાનું હતું, ત્યારે કૉલેજ છોડી, પ્રાથમિકશાળાના મહેતાજી બનવાનું પસંદ કરેલું. તે આ નાનાભાઈ છે.

આંબલા પછી મણાર, લોકભારતી વિકસી રહ્યાં હતાં.

પ્રથમ વર્ષના અભ્યાસ દરમિયાન પૂ. કાકાસાહેબ , સ્વામી આનંદ, કવિ ઉમાશંકરભાઈ વગેરેનો દિવસો સુધી લાભ મળ્યો. ઢેબરભાઈ, વજુભાઈ, બળવંતભાઈ જેવા દેશ કક્ષાના ટોચના ગાંધીજનો આવતા. નાનાભાઈ-મનુભાઈના આકર્ષણે દેશવિદેશની વિભૂતિઓ આવતી, તેમનાં પ્રવચનો થતાં. મેં આ વ્યાખ્યાનોની નોંધ લેવાની આદત પાડેલી. વર્ષો સુધી આ નોંધપોથી સચવાઈને પડી હતી. હવે હાથવગી નથી.

કંઈક વાગવાથી મારી પિંડી પાકી. લોકભારતીના મલમપટ્ટા કારગત ન નીવડ્યા. પાક્યું હતું , બહોળી ભોંમાં. પગ સૂઝીને થાંભલો થયેલો. પીડાયે ખાસ્સી. મનુભાઈને ખબર પડી. મારી પાસે આવ્યા. બીજે દિવસે મને મોટરમાં ભાવનગર સિવિલ હોસ્પિટલે લઈ ગયા. ભાવનગરના વતની મારા એક સહાધ્યાયીને સાથે લીધેલો. ચારપાંચ દિવસનું રોકાણ થયેલું. હોસ્પિટલ ખીચોખીચ. બહાર ઓશરીમાં મારી પથારી

મિત્ર દિવસમાં પાંચ દસ મિનિટ હાઉક્લો કરી જાય. એક અજાણ્યા મુરબ્બી કોઈ દરદી સાથે આવેલા. તેમની સાથે ગોઠડી થઈ. તેઓ સતત મારી પાસે જ બેસી રહેતા. સવારમાં સુખડી , બપોરના ગરમ ગરમ શીરો અને સાંજનું ભોજન પણ તેઓ જ લઈ આવે. દરદ ભૂલી જવાય તેટલાં તેમનાં પ્રેમ-હૂંફ. શું સગપણ હતું મારે તેમની સાથે?

આ પછી જન્માષ્ટમીની રજાઓ આવી. અભ્યાસ-સ્વાધ્યાય પડેલાં. એટલે રજાઓમાં ઘેર જવાનું મમત્વ છોડી દીધું. સુરત , મહેસાણા અને દૂર પંથકના વિદ્યાર્થીઓ માટે રસોડું ચાલું રહેવાનું હતું. ઘર કરતાં વિશેષ વાનગીઓ જમવા મળી. સ્વાધ્યાય , અભ્યાસ થયો. યશવંતભાઈ સૂચિત કેટલાંક સરસ પુસ્તકો વંચાયાં. કૃષ્ણાષ્ટમીની રજાઓનો મોકળાશથી ઉપયોગ થઈ શક્યો.

## બે યાદગાર પ્રવાસો

લોકભારતીના અભ્યાસકાળ દરમિયાન બે પ્રવાસ સ્મરણીય રહ્યા છે. પહેલો સૌરાષ્ટ્રનો પ્રવાસ યશવંતભાઈ સાથે કરેલો. તે વેળા સ્પેશિયલ વાહનો સહજ પ્રાપ્ય ન હતાં. ભાણવડ, બરડા પ્રદેશનો પ્રવાસ થયો ચાલતાં. પછી જૂનાગઢ ગયેલાં.

જૂનાગઢ ધર્મશાળામાં ઉતરેલાં. વહેલી સવારે ગિરનાર ચડવાનો મનસૂબો કર્યો. રાત્રે તળેટીમાં પહોંચી જવા એક વાહન બે ફેરા કરી દે તે શરતે નક્કી કર્યું. બહેનો , યશવંતભાઈ અને બે ભાઈઓ પહેલા ફેરામાં તળેટી ગયાં. શિયાળો. ઠંડી ભારે. અમારાં ઓઢવાનાં પહેલા ફેરામાં મોકલી દીધેલાં. બીજો ફેરો આવ્યો જ નહિ. આખી રાત રાહ જોતાં રહ્યાં ઠંડીમાં ઠૂંઠવાતાં રહ્યાં. સંપર્કેય કેમ કરવો ? વહેલી સવારે ઊપડતી બસમાં તળેટી ગયાં. યશવંતભાઈ ચિંતામાં. અમે પહોંચ્યાં ત્યારે નિરાંત થઈ.

ગિરનાર ઊતરી અમે લોજમાં અમારું શક્તિ પરીક્ષણ આપ્યું. પહેલાં બહેનો જમી. ત્યાં સુધી બરાબર પણ પછી તો અમે ઊંધું ઘાલીને બડાજટ્ટી બોલાવી. દે દામોદર દાળમાં પાણી. શાક રૂપાંતરિત થઈ ગયું. રોટલીનો આકાર પ્રકાર બદલાઈ ગયો. કાચી પાકી રોટલીયે સ્વીકાર્ય. લોજવાળો હરેરી ગયો. ટેક્સીવાળાની દાઝ લોજવાળા પર ઉતારી.

લોજવાળાને છેલ્લે અમે ઠાવકાઈથી પૂછ્યું - "અમારે આવતી કાલે લાડુ-ફરસાણનું ભોજન જમવું છે. શું લેશો?"

તેમણે કહ્યું: "હું બચરવાળ માણસ છું. મારે દેવાળું નથી કાઢવું. લોકભારતીવાળા માટે મારી લોજના દરવાજા બંધ. પેલો છે દરવાજો. ચાલતી પકડો."

અમારે સાંજની ટ્રેનમાં પોરબંદર બાજુ જવાનું હતું. સ્ટેશને જવા નીકળ્યાં હતા. ત્યાં પેલી ટૅક્સીવાળો આવ્યો. ઠરાવેલી રકમની અડધી રકમ માગી. અને યશવંતભાઈના પ્રકોપનો વિસ્ફોટ થયો. "અમારા વિદ્યાર્થીઓને આખી રાત ઠાર્યા. મારી આખી રાત કેમ ગઈ તે મારું મન જાણે છે. મૂર્ખ! તારે મને પૈસા આપવાના હોય! એક રાતી પાઈ પણ નહિ મળે. જા, તારે થાય તે કરી લે."

અમે સ્ટેશન પહોંચ્યાં. કન્સેશનની વિધિ પતાવી ત્યાં બે પાંચ જણાને લઈને ટૅક્સીવાળો સ્ટેશને આવ્યો. મંડ્યો બોલવા અને ધમકી દેવા. પોલીસ ફરિયાદનું કહ્યું. યશવંતભાઈ વધુ ચિડાયા : "તારી ફરિયાદથી ફાટી પડતા નથી. ફરિયાદ તો અમારે કરવાની હોય. છતાં તમને કહ્યું છે કે થાય તે કરવું."

ધૂંવાપૂવાં થતો તે ગયો તો ખરો પણ થોડીવારે એક પોલીસવાળો આવ્યો. તેણે યશવંતભાઈ સાથે નમ્રતાથી વાત કરી. ખાદીનાં કપડાંનો પ્રભાવ પડ્યો હશે! તેણે વધુ નમ્રતા ધારણ કરી કહ્યું: "સાહેબ, મારે ખાતર આવવાનું કહું છું. મારે નાહક અમારા અધિકારીનો ઠપકો સાંભળવો પડશે."

બહેનો ગભરાય. રેલવે-પોલીસને બોલાવી ભલામણ કરી અમે બે વિદ્યાર્થીઓ અને યશવંતભાઈ પોલીસથાણે ગયા.

ત્યાં અચરજ થાય તેવી ઘટના બની ! યશવંતભાઈ સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાની. જેલવાસ મળેલો તે દરમિયાન જેલના જે સિપાહી સાથે ગાઢ પરિચય થયેલો તે અહીં સાહેબ બની ખુરશી ઉપર બિરાજ્યા હતા ! બન્ને ઉમળકાથી મળ્યા. કહે : "યશવંતભાઈ ! તમે અહીં ક્યાંથી ?" આદરપૂર્વક બેસાર્યા. મંડ્યા વાતો ઉખાળવા. યશવંતભાઈએ ઉતાવળ દર્શાવી. ટૂંકમાં વાતનો સાર કહ્યો. ટૅક્સીવાળો શિયાંવિયાં !

સાહેબ ટૅક્સીવાળાને કહે -"ચાલ, આ તો મારા મિત્ર નીકળ્યા. આપણે તેમનાં વિદ્યાર્થીઓને ચા-પાણી કરાવી આવીએ." પછી ટૅક્સીવાળાને કંઈક આપ્યું હતું તેવું મને સ્મરણ છે.

તે દિવસે યશવંતભાઈની ખુમારી , નિર્ભિકતા અને પ્રકોપનાં દર્શન ગયાં ! આ ઘટનાથી અમે થોડાં ફૂલાયાં પણ ખરાં.

પ્રવાસનો બીજો પ્રસંગ પણ સ્મરણીય છે. આ પ્રસંગમાં તેમનું બીજું સ્વરૂપ જોવા મળ્યું.

યશવંતભાઈ ટ્રેનની ઉપરની બર્થ પર સૂતા છે. અમે સૌ પત્તાં ટીચીએ. હાહાહીહી કરીએ. થાક્યાંપાક્યાં મોટા ભાગનાં કાં તો ઘોંટી ગયાં હતાં , કાં તો ઝોલે ચડ્યાં હતાં. એક આધેડવયની ગાંડી બાઈ અમારા કંપાર્ટમેન્ટમાં આવી. અમને રમત મળી. ઠઠ્ઠામશ્કરી શરૂ કરી. બાઈને એવી તો ખીજવી કે તેના હાથમાં ટીનના ડબરા જેવું વાસણ હતું , જે એકમાત્ર તેની સંપત્તિ હતી , તે તેણે મારવા માટે અમારા તરફ ફેંક્યું. ગાડી ગતિમાં હતી. વાસણ બારી સાથે અથડાઈને બહાર ફેંકાઈ ગયું. અમે સૌ ખડખડાટ હસી પડ્યાં. ભારે ગમ્મત પડી.

અમને ખબર નહિ કે આ વાસણ માત્ર બારી સાથે નહોતું અથડાયું, યશવંતભાઈના હૃદય સાથે અથડાયું હતું ! આ ઘટના વખતે તેઓ જાગતા હતા. કશું બોલ્યા નહિ.

સવારે યશવંતભાઈને કૉફી-નાસ્તાનો વિવેક કર્યો. જોયું તો તેમની બન્ને આંખોમાંથી આંસુ ટપકતાં હતાં. પહેલાં તો સમજાયું નહિ. શાનાં આંસુ હશે ? પછી બધું સ્પષ્ટ થયું ! તેમણે ગળગળા અવાજે કહ્યું: "સમાજની કંઈ કેટલીયે યાતનાઓમાંથી ત્રસ્ત થઈ આ બાઈએ કેટલાયે સંકટો ભોગવ્યાં હશે ! કેટકેટલા સિતમ આ બાઈ પર ગુજાર્યા હશે ! સંપત્તિમાં એકમાત્ર શકોરું ! તે ઝૂંટવી લેવાનો આપણને શો અધિકાર હતો ! આપણી પાસે ભાતાં-પોતાં હતાં. તમને તે ભૂખી દુખિયારી બાઈને આપવાનું ન સૂઝ્યું બાઈ ગાંડી હતી કે તમે?"

અને યશવંતભાઈએ આખો દિવસ નહિ જમવાની જાહેરાત કરી.

ગાંડી બાઈ માટે  યશવંતભાઈની અનુકંપા જોઈ દ્રવી જવાયું. આ પ્રસંગ દ્વારા અમારું જે ઘડતર થયું તે કોઈ વ્યાખ્યાનોથી ન થયું હોત.

બીજો પ્રવાસ યશવંતભાઈ અને મૂળશંકરભાઈ સાથે થયો. મુંબઈ  , પૂના, અજંટા-ઈલોરા, દોલતાબાદ, ઔરંગાબાદ અને સિંહગઢનો.

મુંબઈમાં પ્રહ્લાદ પારેખ અને કૃષ્ણલાલ શ્રીધરાણી (બન્ને ભાઈના દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ) અમારે ઉતારે આવ્યા. અમે સમૂહમાં પ્રહ્લાદ પારેખની ગીત રચનાઓ સંભળાવી.

મુંબઈથી પૂના રેલવે માર્ગે જવાનું. ડુંગરાળ પ્રદેશ. લાંબા લાંબા ડુંગરા ચીરી બોગદાંમાંથી પસાર થવાનું ખૂબ ગમેલું.

શ્રી હરિભાઈ ગોરડિયા ખડસલીના વિદ્યાર્થીઓને લઈને પ્રવાસે આવેલા. પૂના રેલવે સ્ટેશને તેઓ અમને લેવા આવેલા. ત્યાંથી સીધા એક આલિશાન હોટલમાં લઈ ગયા. અફલાતૂન મિષ્ટ વાનગીઓ. તે દિવસનું ભોજન એમના તરફથી અપાયું.

સિંહગઢના કિલ્લા ઉપર એક કૂવો છે. દોરડાંની જરૂર નહિ. હાથ લાંબો કરી ડોલ ભરી લો. પાણી ટોપરાં જેવું. અમે સાથે નાસ્તો લીધેલો તેયે ઓછો પડ્યો. કકડીને ભૂખ લાગેલી. ત્યાં બીજું તો કશું મળે નહિ. આસપાસમાં ઝૂંપડીઓ હતી. ત્યાં જઈને પૂછ્યું. ચાર આને જુવારનો રોટલો  , બકરી-ગાયનાં મિક્સ દૂધની છાસ અને લસણ-મરચાંની ચટણી ફી. અમે ઘરઘંટીએ દળાવવા બેઠાં. બહેનો રોટલા બનાવવા બેઠાં. સ્વયંપાક જામ્યો. બત્રીશ શાક અને તેત્રીશ ભોજનના ભાવથી આરોગ્યું. ફરી ક્યારેય આવું ભોજન મળ્યું નથી. હિસાબ થતો હતો તેના કરતાં બે પાંચ રૂપિયા વધુ આપ્યા. કૅમેરા હોત તો એ સ્મરણીય દૃશ્ય આજે લોકભારતીની દીવાલ ઉપર લટકતું હોત !

તે દિવસની ભાઈની હસતી-હસાવતી છબી આજેય મનમાં અકબંધ પડી છે !

પ્રથમ વર્ષના અંતે ઉનાળુ વૅકેશન આવ્યું. નાનાભાઈએ મહાભારતની વાર્તા અર્ધે મૂકેલી. વતનની લાઈબ્રેરીમાંથી વલ્લભકૃત રાગરાગિણીવાળું મહાભારત શોધ્યું.

બા સવારમાં ઘરકામમાં હોય ત્યારે હું રેંટિયો કાંતું. બા અને આડોશીપાડોશી ફટાફટ કામ પતાવી પેટી રેંટિયે કાંતવા બેસે. ત્રણ રેંટિયા અમારા અને ત્રણચાર પાડોશીના રેંટિયા ચાલે. બીજી બાજું મારું મહાભારતનું ગાન ચાલે. પછીથી રામાયણ-ભાગવત પણ વંચાયા. આ વૅકેશન મારા માટે જીવનનું સંભારણું બની રહ્યું.

## અધ્યાપનમંદિરમાં અદલાબદલી !

વૅકેશનના છેવટના દિવસો. લોકભારતીથી પત્ર આવ્યો - “સરકારશ્રી સાથે પરીક્ષા સંદર્ભે મતભેદો થતાં આપણે અધ્યાપન મંદિર બંધ કરવા નિર્ણય કરેલ છે. નીચેના અધ્યાપન મંદિરોમાંથી તમારી પસંદગીના સ્થળે હાજર થવાનું રહેશે. સાથેનો દાખલો રજૂ કરવાથી પ્રવેશ મળી જશે.”

સૌ ભારે દ્વિધામાં , ફંગોળાયાનો ભાવ. અમારાંમાંથી બે ભાઈઓ સિવાય સૌ ભાઈઓ સોનગઢમાં અને બહેનો ભાવનગર-રાજકોટ વચ્ચે વહેંચાયાં.

દોમદોમ સાહ્યબીમાંથી અમે ક્યાંનાં ક્યાં ફેંકાયાં ! જીવન સમર્પિત કરનારી , શિક્ષણકાર્યને ધર્મ સમજી વિદ્યાર્થીઓને જીવનભરની મૂડી બંધાવતી જીવનપ્રણાલી અને સ્નેહનાં ઝરણાંમાંથી સૌને નવપલ્લવિત કરતું વાતાવરણ ક્યાં અને આજે અમે ક્યાં? અમે મૂંઝાયાં. હિઝરાયાં.

લોકભારતીના વિદ્યાર્થીઓ રાત્રે ભેગા થઈએ. વહાલસોયા ચૂનીદાદા , હેતાળ મૃદુલાબહેન , નખશિખ શિક્ષક દુર્ગાશંકરભાઈ, રતિભાઈ, મુનિભાઈનાં હેતને યાદ કરીએ. દિવસ દરમિયાન પડેલા ઉઝરડાને રૂઝવવા મથીએ. અકળામણને ભૂલવા ક્યારેક સિહોર સુધી સાયકલ પર થિયેટરમાં પહોંચી જઈએ.

ક્ષુબ્ધતામાંથી એક માર્ગ સૂઝ્યો. દર રવિવારે ચારેક જણાએ લોકભાર જવું. મનુભાઈ , ચુનીદાદા , યશવંતભાઈને મળવું. મૂંઝવણમાંથી માર્ગ કાઢવા વિનવવું. અધ્યાપન મંદિર શરૂ કરો તો અમે સૌ પરત આવવાની બાંહેધરી આપીએ. બે મહિને અમારું તપ ફળ્યું.

અખિલ ભારતીય કોંગ્રેસના પ્રમુખશ્રી ઢેબરભાઈ લોકભારતી આવેલા. અધ્યાપન મંદિરની વાત નીકળતાં છેલ્લી પરિસ્થિતિમાંથી વાકેફ કરવામાં આવ્યા. તે પછી તાર ટેલિફોન થયાં હશે. સરકારે ભૂલ સુધારી.

અમને સમાચાર મળ્યા. જન્માષ્ટમીની રજા પછી અમારે લોકભારતી પાછા ફરવાનું હતું. અમારે હવે દસેક દિવસ જ સોનગઢમાં કાઢવાના હતા. આ દિવસોમાં અનાયાસે પણ ડાંખરાઈ , કટુતા પ્રદર્શિત થઈ જતી હતી. સમૂહજીવનના માર્કસની ધમકી મળતી તેને ધોળીને પી જતા હતા. અમે નિર્ભય બની ચૂક્યા હતા.

રજા પછી અમારા પૈકીના એક ભાઈ સિવાય સૌ લોકભારતી પરત આવ્યા. વધુ શાણાં થઈને આવ્યાં.

સરકારી અધ્યાપન મંદિરમાં અભ્યાસક્રમમાં ‘સરસ્વતીચંદ્ર’ નવલકથા ચાલે. લોકભારતીમાં ‘પલ્લીસમાજ’ ચાલે. સોનગઢમાં ‘સરસ્વતીચંદ્ર’ ભણાવનારા પ્રાધ્યાપક ખૂબ રસથી ભણાવતા. એટલે અમને ‘સરસ્વતીચંદ્ર’નું આકર્ષણ. અમે ‘પલ્લીસમાજ’ને બદલે ‘સરસ્વતીચંદ્ર’ની માગણી કરી. માગણી ગ્રાહ્ય રહી. રજનીભાઈ મોદી પાસે ‘સરસ્વતીચંદ્ર’ ખૂબ રસથી ભણ્યા. અમારામાંથી મોટા ભાગના મૂળ ‘સરસ્વતીચંદ્ર’ના ચાર

ભાગ સુધી પહોંચ્યા હતા. લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષમાં પણ 'સરસ્વતીચંદ્ર' રજનીભાઈ ભણાવે. અમારી કસોટીની ઉત્તરવહીઓ લોકસેવા મહાવિદ્યાલયમાં વંચાતી.

બીજા વર્ષમાં 'કાવ્યાનંદ' મનુભાઈ દ્વારા પામ્યાં. સુંદરમ્.નું 'બુદ્ધનાં ચક્ષુ' એક મહિનો ચાલ્યું. બુદ્ધ ઉપર મનુભાઈને ખૂબ પક્ષપાત. અનેક સંદર્ભો , જાતકકથાઓ, બુદ્ધ કાવ્યો, મૈથિલીશરણનું 'યશોધરા', સુધી સ્નાન કરવાનું સૌભાગ્ય સાંપડ્યું.

બપોરના ભોજન પહેલાનો વર્ગ એકાંતરા મનુભાઈનો આવે. તે દિવસે જાણે મહાભોજન. રસોડાની બાજુમાં બાજરાની ટટ્ટીમાં અમારું છાત્રાલય. વર્ગખંડ પણ ટટ્ટીનો. રસોડે યથા સમયે બેલ પડે. પણ ભણનારને કે ભણાવનારને તેની સુધ ન હોય. આ સુખદ અનુભવ પ્રત્યેક વિદ્યાર્થીનો.

- **સ્વયંપાકી રસોડાનો સફળ પ્રયોગ**

બીજા સત્રમાં અમે સ્વયંપાકી રસોડું સંભાળેલું. અમારી ટુકડીમાં ભાઈ-બહેનોની સંખ્યા સરખી હતી. બહેનો ખાધે ટપુસડી અને રાંધે પાવરધી. સંગઠિત અને શાણાં તો હતાં જ. ગ્રામોદ્યોગી વસ્તુઓ વાપરવી તેવું નક્કી કર્યું. ભોજનપત્રક ટનાટન. વિવિધતા પૂરી. નાસ્તો પણ અફલાતૂન. સફળ , સ્વયંપાકી રસોડાના સંચાલન માટે અમે પંકાયાં, વખણાયાં. વિદ્યાર્થી અવસ્થાના તે સૌથી સુખી દિવસો હતો.'તે હિ નો દિવસા: ગતા: !'

- **સતત શિક્ષણ**

વિદ્યાર્થીજીવન અને પ્રત્યક્ષ કામગીરીમાં જે તફાવત છે તેનાથી વિદ્યાર્થી અવગત થાય , આવનારા પડકારની ભૂમિકાને સમજે અને પોતાને તે માટે સજ્જ કરે , માત્ર કલ્પનાવિહાર નહિ પણ વ્યવહારમાં તેના પ્રગટીકરણ માટે માનસિકતા કેળવે, સમાજ સાથેના અનુબંધ માટે પૂર્વધારણા બાંધવાની આવડત પ્રાપ્ત કરે, તેમ જ કયા કોયડાઓ ઉદ્ભવે છે અને તેના શા ઉપચારો હોઈ શકે તે વિશે સમાધાન મેળવે , વિદ્યાર્થી, સમાજ, શાળા અને શાળાની વહીવટી પાંખ, એ બધાં વચ્ચે શિક્ષણના સંકલનની ક્ષમતા કેળવે , પ્રત્યક્ષ અનુભવ મેળવે. આવો બહુઉદ્દેશીય કાર્યક્રમ તે દિવસોમાં પંદર દિવસનો હતો. અમે તેને સતત શિક્ષણ કહેતા.

આ કાર્યક્રમ એટલો બધો સફળ રહ્યો કે પછીથી ગુજરાતનાં તમામ અધ્યાપન મંદિરોમાં, બી. એડ્. કેજી. બી. ટી. સી. (ગ્રેજ્યુએટ બેઝિક ટ્રેનિંગ સેન્ટર) કૉલેજોમાં તે ફરજિયાત થયો. આજે પણ ચાલે છે.

## નાનાભાઈની માંદગી

પૂ.નાનાભાઈ શરીરે કૃશ થતા જતા હતા. ખેતરમાં જઈ શરીરશ્રમ કરે તે શક્ય ન હતું. પ્રાગજીભાઈના ઔષધાલયમાં બેઠા બેઠા ઓસડિયાં ખાંડતા હતા.

'૫૮માં અચાનક નાનાભાઈના પગનું હાડકું ભાંગ્યું. સારવાર અર્થે બે ચાર મહિના ભાવનગર રહેલા. સાજા થઈને આવ્યા ત્યારે પૂ. સ્વામી આનંદ તેમની પાસે રહેવા આવેલા . જે સત્સંગ થયો તેને સ્વામીજીએ શબ્દદેહ આપ્યો. અને આપણને મળ્યું સુંદર પુસ્તક - 'પથારીમાં પડ્યાં પડ્યાં !'

તે દિવસે લોકભારતીની સમૂહપ્રાર્થના નાનાભાઈના ઘર પાસે થતી હતી. પ્રાર્થના પછી નાનાભાઈની વાણીની અમૃતક્ષણો અવિસ્મરણીય છે.

સત્રના અંત ભણી જઈ રહ્યા હતા. વાર્ષિક પરીક્ષાઓ આટોપાઈ ગઈ હતી. સૌને ઘરે પહોંચવાની તાલાવેલી હતી. ભણ્યા પછી ભાવિની ચિંતા પજવે તેવું તે વખતે ન હતું. પરંતુ પસંદગીના સ્થળની ચિંતા રહેતી. બધા વિદ્યાર્થીઓ વિદાય લઈ ગયા હતા. હું માર્ગદર્શન માટે એક દિવસ વધુ યશવંતભાઈને ત્યાં રોકાયો હતો.

ત્રણ મહિના પહેલાં પિતાજી રિટાયર્ડ થઈ ચૂક્યા હતા. માલપરાની બાજુમાં ખીજડિયા ગામ. બાબાપુર સંચાલિત સર્વોદય યોજના રિટાયર્ડ શિક્ષકોને ફરી નોકરીએ રાખી શકે. પિતાજી ખીજડિયા ગામે બહુ નાની ઉંમરે શિક્ષક તરીકે હતા. એટલે માલપરાવાળા લાલજીકાકા દ્વારા ત્યાંનું આમંત્રણ મળતાં પિતાજી પેન્શન પછી ત્યાં જોડાયા.

મારાથી નાનોભાઈ મનોહર. માલપરા, ખડસલી અને આંબલાનો વિદ્યાર્થી. લોકશાળા સુધીનો પંથ ઠીક. પરંતુ લોકભારતીના દ્વિતીય વર્ષ પછી વિકાસની ગતિ એટલી ઝડપી બની કે કાવ્ય , વાર્તા, નિબંધ, નવલકથા, નાટક જેવા સાહિત્ય પ્રકારોનો સંસ્પર્શ કર્યો. ભાષા શૈલીની રજૂઆત સરસ. કવિ તરીકે સુપ્રતિષ્ઠિત. તેમનાં કાવ્યો પાઠ્યપુસ્તકોમાં માન્ય થયાં. કાવ્યસંગ્રહ 'છુટ્ટી મૂકી વીજ ' યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં માન્ય થયો. ગુજરાત સાહિત્ય અકાદમીના ઍવોર્ડ પણ મળ્યા. પણ સૌથી ઉત્તમ તે તેમનું શિક્ષકત્વ. નાની બહેન મંજુ લોકશાળાની વિદ્યાર્થિની. ઉત્તમ પ્રાથમિક શિક્ષિકા. બન્ને મોટી બહેનો , હીરાબહેન અને શારદાબહેન , ભણેલી ઓછું , પણ વાચનબળે પૂરી વિકસાવેલી . બન્ને ભાઈઓના પરિવાર પર લોકભારતીનું ભારે ઋણ. દીકરીઓને આંબલા , લોકભારતી ભણાવી. ચિ. અપેક્ષાનું તો સાસરું જ લોકભારતી છે.

## શિક્ષકજીવનની શરૂઆત

મને જૂન `૫૮માં જ વગર ઇન્ટરવ્યૂએ વીકળિયા પ્રાથમિકશાળામાં ઑર્ડર મળ્યો. અમુક જીવનજરૂરી ઘરવખરી સાથે લઈ હું નોકરી પર હાજર થવા જાઉં. મારો સહાધ્યાયી દુર્લભજી ચોસલા ગામે હાજર થવા આવે. તેમના વતનની નજીક વીકળિયા હતું અને ખીજડિયાથી ચોસલા બે કિલોમિટર. બન્નેએ ઢસા ધર્મશાળામાં સામાન મૂક્યો. ભાવનગર શિક્ષણાધિકારીની કચેરીએ પહોંચ્યા. મોસાળે જમણ અને મા પીરસે. પૂ. મનુભાઈ શિક્ષણ સમિતિના ચેરમેન હતા. અમારી માગણી સ્વીકારવામાં આવી.

મેં મારા મિત્ર શ્રી હીરજીભાઈ ભીંગરાડિયાના ગામ ચોસલાથી મારા શિક્ષકજીવનની શરૂઆત કરી. આચાર્ય, શિક્ષક, પટાવાળો, જે કહો તે હું જ. થ્રી ઈન વન. કાળુભાર અને સીતાપરી નદીના સંગમસ્થાને મારી શાળા. સોહામણું રળિયામણું ગામ. નદીઓ બારમાસી. મોટા મોટા ધરા.

ચોસલા ગામની વસતિ માત્ર બસો માણસોની. બે પક્ષોમાં વહેંચાયેલું ગામ. ચોસલામાં પ્રથમ ભણેલી વ્યક્તિ એટલે હીરજીભાઈ. ત્યારે તેઓ માલપરા લોકશાળામાં આઠમાં ધોરણમાં અભ્યાસ કરે. તેમનો પરિવાર ભારે સંકટમાં. પણ માટલિયાભાઈ અને લાલજીકાકા દ્વારા મળેલી હૂંફથી બેધડક રહેતા. બન્ને પક્ષો મને આદર આપતા. શાળાકીય સહયોગ આપતા. હીરજીભાઈના બાપા , કાકા, બા લગભગ અભણ. પણ મારી ચિંતા કરે. બે ભાઈ, એક બહેન, મારી પાસે ભણે. પાંચમાં ધોરણમાં નરસિંહભાઈ એક માત્ર વિદ્યાર્થી. રિસેસમાં તેમને ભણાવું. ભારે હોંશિયાર અને ખંતીલા. શાળાના માત્ર મૉનિટર જ નહિ અર્ધા શિક્ષકનું કામ આપે.

લોકભારતીમાં દુર્ગાશંકરભાઈ પાસેથી ચાર્ટ નિર્માણની કાબલિયત મેળવેલી. તેને અહીં કામે લગાડી. ભાષા- ગણિતના અનેક ચાર્ટ્સ તૈયાર કર્યા.

ચોમાસામાં નદીઓમાં ઘોડાપૂર આવે. ત્રણ ચાર દિવસ નદીનાં પાણી ઊતરવાનું નામ ન લે. એવે વખતે અમે અજાણ્યા વટેમાર્ગુઓને હાથ પકડીને નદી પાર કરાવીએ.

- **હું લોકભારતીનો વિદ્યાર્થી છું.**

અમારી તાલુકાશાળા ઢસા જંકશન. વહીવટી કાર્ય , માસિક બેઠક, પગાર, ત્યાં થાય. ભંડારિયા શાળા અમારા ગૃપની. લોકભારતીમાં જ ભણેલા ગુણુભાઈ આચાર્ય. તાલુકાશાળાના આચાર્ય સાથે તેમને ઝઘડો ચાલ્યા કરે. હુંયે લોકભારતીવાળો. અમને ભારે સૂગથી જુએ. ગુણુભાઈ ખૂબ આખ્ખાઈથી વર્તતા. ધીમે ધીમે હું પણ ટેવાઈ ગયો.

એક વાર આચાર્યશ્રી નિરીક્ષકશ્રીને લઈને મારી શાળાની ઓચિંતી મુલાકાતે આવ્યા. ઝડપી મુલાકાત લઈ મારી શાળાની વિઝિટબુક બાજુની શાળા અણીડા લઈ ગયા. મને બપોર પછી ત્યાં આવવા સૂચના આપી.

હું ગયો. વિઝિટબુક મને ધરી. મેં વાંચી. નોંધમાં શબ્દો આકરા લાગે તેવા. મને કટાક્ષ કર્યો - "બરાબર છે ને?"

મેં વિઝિટબુક પરત આપી. કહ્યું: "ના સાહેબ ! આટલું હોય !" આટલું પૂરતું નથી. હજુ લખવું હોય તેટલું લખો તમતમારે. હું લોકભારતીનો વિદ્યાર્થી છું. નોકરી ખૂંચવી લેવાનો અધિકાર તમારો નથી તે હું જાણું છું. હું એક શિક્ષકનો દીકરો છું. ૫૮ શૈક્ષણિક ચાર્ટ્સ બનાવ્યા છે. સવારે ૮થી સાંજે ૫-૧૫ સુધી ફૂલટાઈમ ભણાવું છું. ગત સાલે વાર્ષિક પરીક્ષા બીજી વાર લીધી હતી. એટલે મને વારસો કેવો મળ્યો હતો તે તમે જાણો છો. તમે જાતે તો મારા વર્ગ તપાસ્યા નથી. કોઈના કહેવાથી આ નોંધ લખી છે." એક જ શ્વાસે બધું ઓકી કાઢ્યું.

મારી મુલાકાત ફળદાયી નીવડશે તેવી મને કલ્પના ન હતી. પણ હું સફળ થયો હતો. પછીથી એ નિરીક્ષકશ્રી આજીવન મારા મિત્ર બની ગયા.

પૂ.નાનાભાઈના અવસાનના સમાચાર રેડિયો પર સાંભળ્યા. હું ચોસલાથી ૨૫ કિલોમિટર સાયકલ ઉપર સ્મશાનયાત્રામાં ભાગ લેવા ગયેલો. બીજા દિવસની શોકાંજલિ સભા સુધી રોકાયેલો. પૂ.મનુભાઈ અને અન્યોએ નાનાભાઈને ભાવાંજલિ આપી ત્યારે થયું કે હું આવા નાનાભાઈનો વિદ્યાર્થી હતો ! નાનાભાઈનું સામ્રાજ્ય ઘણું વિસ્તૃત હતું.

મનુભાઈની બે વાતો મને બહુ ગમેલી.

(૧) અમે નાનાભાઈ પાસે ખૂબ વામણા છીએ. તેઓ તો એક મહાસરોવર જેવા હતા. અમે તેમાંથી નીકળતી પાઈપ લાઈનો. કોઈ અઢીની , કોઈ બેની, કોઈ દોઢની. મૂળ સ્રોત નાનાભાઈ. નિર્ણાયક શક્તિમાં નાનાભાઈને કોઈ ન આંબે.

(૨) સૂરદાસજીના પ્રચલિત પ્રસંગ સાથે સરસ અનુબંધ કરેલો. સૂરદાસજી જઈ રહ્યા હતા. ભાડિયા કૂવામાં પડતા પડતા બચાવ્યા એક ગોપ બાળકે. હાથ પકડીને કહે - "સૂરદાસજી , ચાલો, રસ્તો બતાવું. હમણાં કૂવામાં પડી જાત. લ્યો, રસ્તો આવી ગયો. હવે હું જાઉં !"

સૂરદાસજી કહે - "જતા હતા ક્યાં? જેમનો તમે એક વાર હાથ પકડ્યો, તેને કેવી રીતે છોડી શકો?"

બાળક હાથ તરછોડી જતો રહે છે.સૂરદાસજી કહે છે-

બાંહ છુડાવત જાત હૈ, નિર્બલ જાનિ કે મોહિ !

હૃદયસે જબ જાત હૈ, તબ સમજું મૈં તોહિ !!

નાનાભાઈ પણ આપણા હૃદયમાંથી કદી ભૂંસાવાના નથી.

## માલપરા ભણી

ચોસલાથી માલપરા પાંચ કિલોમિટર દૂર. મનોહર ત્યાં આઠમું ધોરણ ભણેલો. નવમાની સંખ્યા ન થતાં તે ખડસલી ભણવા ગયેલો. માલપરાથી હું પરિચિત હતો જ. લોકશાળાની વિશાળ લાયબ્રેરી અને હિંદી-સંસ્કૃતની ઈતર પરીક્ષાને કારણે સંપર્ક વધ્યો. ત્યાંના સંચાલક બાબુભાઈ જાદવાણી ભારે પ્રેમાળ. હેતથી આગ્રહપૂર્વક ઘેર જમાડે. સંસ્થા માટે જબરી નિષ્ઠા. રસોડું સંભાળતા. તેમાં ઓતપ્રોત. ખેતીની જવાબદારી નભાવવાની હોય ત્યારે દિવસ રાત વાડીએ જ પડ્યા રહે. આકરી મજૂરી પણ કરી જાણે. ઠાવકાઈ પણ ગજબની.

માટલિયાભાઈ તથા લાલજીકાકાથી પરિચિત હતો જ. માલપરાનું આકર્ષણ વધતું રહ્યું.

સૌરાષ્ટ્ર રાજ્યે ભાવનગર જિલ્લાની ચાર શાળાઓનું પ્રાયોગિક શાળા માટેનું સંચાલન ત્યાંનાં ટ્રસ્ટોને સોંપેલું. આંબલા, મણાર, સણોસરા, અને માલપરા. સ્ટાફ સિલેક્શન , અભ્યાસક્રમ, પરીક્ષા વ્યવસ્થા, રજા, વૅકેશન વગેરે બાબતમાં પૂર્ણ સ્વાયત્તતા. ૧૦૦ ટકા ગ્રાન્ટ.

જાન્યુઆરી `૬૦માં ટ્રાન્સફર થઈ વાત્સલ્યધામ માલપરાની પ્રાયોગિક શાળાનો શિક્ષક બન્યો.

શ્રી લાલુભાઈ સવાણી આચાર્ય. ભારે ખંતીલા. દૃષ્ટિસંપન્ન , પ્રત્યેક કાર્ય ચીવટપૂર્વક કરે. ભણાવવામાં અને વહીવટમાં બન્નેમાં કાબેલ. અધિકારીઓની અનધિકાર ચેષ્ટા સહન ન કરે. જરૂર પડે ત્યારે લખાણમાં હિંમતપૂર્વક કડવાશ વહોરે. ખુશામતપ્રિય અધિકારીને ભારે અકળામણમાં મૂકી દે. એક વાર આવું લખેલું - 'વિઝિટબુકમાં લખાયેલી નોંધ ગતાગમ વગરની છે. એ તમારી અણઆવડત સૂચવે છે. આ અંગેની તાલીમ માટે અહીં આવી લઈ જવા સૂચવું છું.'

આશારામભાઈ લોકભારતીના મારા સહાધ્યાયી. અને સ્નાતક. '૬૦માં જ માલપરા જોડાયા. એક વર્ષ પ્રાથમિકશાળાના આચાર્ય પણ હતા. પછી લોકશાળામાં આચાર્ય બન્યા. અમારી નિવૃત્તિ પણ લગભગ સાથે જ થઈ. એકબીજાને પૂરક બનીને રહ્યા.

સૌરાષ્ટ્ર સરકારે પ્રાથમિકશાળાનો બુનિયાદી અભ્યાસક્રમ તૈયાર કરાવેલો. તેના સભ્ય તરીકે શ્રી માટલિયાભાઈ પણ હતા.

## માટલિયાભાઈનું માલપરા

માટલિયાભાઈ આંબલા ગ્રીષ્મવર્ગની નીપજ. ગ્રામસેવાની ધૂન. પૂ. નાનાભાઈ-મનુભાઈનું માર્ગદર્શન. મુનિશ્રી સંતબાલજીની પ્રેરણા, વતની જામનગર જિલ્લાના પણ ગ્રામસેવા માટે પસંદગી ઉતારી માલપરા પર.

જૈન પરિવારનું ફરજંદ. છતાં હિન્દુધર્મના હાર્દ સુધી પહોંચ્યા હતા. ઊંડો અભ્યાસ તો હતો જ. આદર પણ ખૂબ. માલપરાની પૂર્વ દિશામાં સાત દિવસનું અનુષ્ઠાન કર્યું. ગામે વાજતે ગાજતે સામૈયું કર્યું. મુખી પરિવારે ગામચોરા પાસે સ્થાયી રહેઠાણ પૂરું પાડ્યું.

જૈન પરિવારના હોવાથી ઇચ્છ્યું હોત તો દાન મેળવી શક્યા હોત. પણ તેમ ન કર્યું. લોકાસ્થા અને લોકાધારે પ્રવૃત્તિઓને સજીવતા બક્ષી. રાત્રિ પ્રાર્થનાના માધ્યમ દ્વારા નિયમિત લોકશિક્ષણ અને લોકઘડતર થતું રહ્યું.

હું માલપરા ગયો ત્યારે ગામના અને આજુબાજુનાં ગામોમાંથી બે ડઝનથી વધુ અડીખમ , ખંતીલા, ધ્યેયનિષ્ઠ, ગ્રામસેવાને સમર્પિત કાર્યકર્તાઓની ટીમ કાર્યરત હતી. શિક્ષણ, ખેતી, ગોપાલન, રચનાત્મક પ્રવૃત્તિઓ, ગ્રામોદ્યોગો, ખાદીકામ, સ્ત્રી કેળવણી, યુવાઘડતર, સફાઈ, આરોગ્ય, અસ્પૃશ્યતા નિવારણ, પંચાયત, સહકારી પ્રવૃત્તિ વગેરેમાં માલપરા ઘણો પંથ કાપી ચૂક્યું હતું. માટલિયાભાઈ કોઈ રાજકીય હોદ્દા ઉપર નહોતા . છતાં રાજસત્તા ઉપર તેમનો પ્રભાવ હતો.

સ્વામી આનંદે 'નવલાં દર્શન'માં માલપરાનાં કામ વિશેની સરસ નોંધ લખી છે.

મનુભાઈ પણ કહેતા - "અહીં જેવું સમજપૂર્વક લોકભાગીદારીનું કાર્ય ભારતભરમાં અન્યથા ભાગ્યે જ થયું હશે. માલપરાની તોલે કોઈ ન આવે."

માટલિયાભાઈની હથરોટી સોક્રેટીસની યાદ અપાવે. સમાજ , શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઘડવાની રીત અનોખી. નવી પ્રવૃત્તિ માંડે એટલે સર્વાનુમતિનો આગ્રહ. વિચાર ઊગે, મંથન ચાલે, વિચારને વહેતો મૂકે, ચર્ચાઓ થાય, મતાગ્રહ વિવેક સભર, સહમતિ સુધી રાહ જોવાનું વલણ, સંચાલક તરીકેનો અહં કે અધિકાર ક્યાંય ડોકાય નહિ.` ૬૨ની બીજી ઓક્ટોબરથી ત્રિવિધ આચારસંહિતા કાર્યકર્તાઓ માટે આવી.

૧. ઘરમાં સહજ હરિજન પ્રવેશ: હરિજન શિક્ષક કે વિદ્યાર્થી રસોડાં સુધી જઈ શકે. પ્રસંગોમાં પરિવારના સભ્યોની જેમ ભાગ લઈ શકે.

૨. સ્ત્રીદાક્ષિણ્ય : કાર્યકર્તાનાં પત્ની લાજ કાઢી શકે નહિ. દીકરાદીકરીનાં લગ્ન ઘૂમટા વિના જ થવાં જોઈએ. (ત્રણેક કાર્યકર્તાઓને આ કારણે સંસ્થા છોડવી પડેલી.)

૩. પારિવારિક ધોરણે વેતન : શૈક્ષણિક લાયકાતને ધોરણે વેતન નહિ , પરંતુ જરૂરિયાત મુજબ વેતન. કુટુંબને ખેતી હોય તેવા કાર્યકર્તાઓ ઝાઝા. વર્ષારંભે સૌએ પોતપોતાની જરૂરિયાતો જણાવવાની. જરૂરિયાત મુજબની માગણીમાં ક્યારેય કોઈને કાપ મૂકવાનું બન્યું નથી. ઊલટાનું આગ્રહપૂર્વક વેતન વધારો અપાતો.

શિક્ષકને મળે અમુક અને ચૂકવાય તમુક. એવા પ્રચલિત કૌભાંડો આપણે ત્યાં હવે ચાલ્યાં છે. માલપરાએ આવક જાવકના હિસાબોને સરભર કરવાની ખેવના રાખેલી. છ સાત વર્ષ આ પ્રયોગ ચાલેલો.

પ્રાથમિક શાળાની દિનચર્યા સવારના પાંચથી શરૂ થાય. ત્યારે વીજળી ન હતી. સવારના સાડાપાંચ વાગ્યાથી ધોરણ ૫-૬-૭ના વર્ગો શરૂ થતા. માત્ર સવારનો નાસ્તો અને બે ટંકના ભોજન માટે જ ભાઈઓ ઘરે જતા. શાળામાં નાના નાના કબાટ. તેમાં સૌનો સામાન રહે. સ્નાનઘાટ પણ શાળાના પ્રાંગણમાં. માલપરા સીતાપરી-કાળુભાર નદીની વચાળે. નદીઓનાં નવાં જૂનાં પાણી ભેગાં થાય તે સમયગાળો. તરવું અને સાયકલ ચલાવવી તે શૈક્ષણિક લાયકાતનાં માપ ગણાતાં.

મિત્રો સાથેના કેટલાક પ્રસંગો વાગોળવા ગમે તેવા છે.

કરસનભાઈ આવ્યા વણાટકામના ઉદ્યોગ શિક્ષક તરીકે. પછી લોકભારતીમાં પી.ટી.સી. કરી આવ્યા. ફરી માલપરા જોડાયા. નિર્મળ સ્વભાવ , સરળતા સાંગોપાંગ. પાડોશમાં જ રહે. મોટી ઉંમરે અપરિણિત અમારાં સામૂહિક ટીખળનો ભોગ બને.

મારી અને એની દેશી મળે . એક દિવસે તેમણે તેમના અંગત જીવનની પોટલી ખોલી: "મારું સગપણ મારા વડીલ ભાઈ દ્વારા થયેલું. જાત પસંદગીનો બન્ને પક્ષે અવકાશ ન હતો. પણ નજીવા પ્રયાસે થોડી મિનિટો માટે મુલાકાત થયેલી. મારા જીવનની એ ચિરંજીવ પળો છે. સાત ધોરણનો તેમનો અભ્યાસ હતો. મારા મોટાભાઈ તેમને ઘેર ગયેલા અને ઘરેણાં મુદ્દે બોલાચાલી થયેલી. વિવાદ તીવ્ર પગલાંના ઈશારાવાળો.

કોઈની સાથે મારી વાગ્દત્તાની ચિઠ્ઠી આવી. તેમાં વેવિશાળ નહિ તોડવા કાકલૂદી હતી: "હું બીજા કોઈની ચૂંદડી નહિ જ ઓઢું. મરવાનું પસંદ કરીશ."

મારા ભાઈને વાત કહેતાં ખચકાઉં. હિંમત એકઠી કરવા મથામણ કરું. મારા ભાઈએ વેવિશાળ રદ કરવાનો પત્ર લખી નાખેલો. દુર્ઘટના બનીને રહી. તેણે કૂવો પૂર્યો પછી સજળનેત્રે તેમણે કહ્યું: "ત્યારથી મારું મન ઊઠી ગયું છે."

આ વાતને પાંચ છ વર્ષ વીતી ગયેલાં.

તેમની અનુમતિથી મેં મારા સાથી મિત્રોને વાત કરી. મિત્રો હવે કામે લાગી ગયા. તેમણે 'લક્કડ કા લાડું' ખવરાવ્યે પાર કર્યો. લગ્ન આવ્યાની જાણ થઈ. સવારે મારાં બા કુમકુમ તિલકનો ચાંલ્લો કરે. લાપસી બનાવી ઘરે જમાડ્યા. સરસ પ્રસંગ નિમિત્તે મારે ઘરે હરિજન પ્રવેશનો શુકનવંતો પ્રારંભ થયો.

કીર્તિભાઈ ઉત્સાહી શિક્ષક. વિદ્યાર્થિનીઓની સાથે કંઈક વાંકુ પડ્યું. છોકરીઓએ સંગઠન કરી મનઘડંત વાત સંચાલકશ્રીને કરી. ફરિયાદ ગંભીર એટલે તેમને છૂટા કરવાનો આદેશ આપાયો . વાત મારી પાસે અને આશારામભાઈ પાસે આવી. અમે કીર્તિભાઈને ચકાસ્યા. ખાતરી થઈ કે આ માણસ નિર્દોષ છે. કંઈક ઉતાવળ થઈ રહી છે. બીજે દિવસે સચ્ચાઈ પકડી પાડી. ઘડાયેલું કાવેતરું ઓળખાયું. નિર્દોષ માણસ દંડાતો બચી ગયો.

- શિક્ષકોનો પ્રવાસ

૧૯૬૪માં અમે સૌ શિક્ષકો રેલવે રાઉન્ડ ટૂર કન્સેશનનો લાભ લઈ બલિયા સર્વોદય સંમેલનમાં ત્રણ દિવસ અને ત્યાંથી ઉત્તરભારત-રાજસ્થાન પ્રવાસે ગયા. ચિત્તોડગઢ પહોંચ્યાં. મને આ સ્થળનું આકર્ષણ. ગઢમાં પાણીનો વિશાળ કુંડ. અન્ય સ્થળો નિરખી ત્યાં પહોંચ્યાં. કુંડની સામેની દીવાલે દોઢ બે મણનું જંગલી મધ લટકે. નાનજીભાઈ પહેલ અમારા સહપ્રવાસી. તેમની પરપીડનવૃત્તિ સળવળી ઊઠી. ઊપાડ્યું ઈંટોડું. અમે વારતા રહ્યા. તેમણે ઠપકાર્યું. તે તો પરાક્રમ કરીને દોડીને ભાગી ગયા. મધમાખીઓએ અમારો પીછો કર્યો. હાથની થપાટોથી જેઓ દૂર કરવા ગયા. તેમને મંડી ડંખવા. કીર્તિભાઈ, કાળુભાઈ, કેશવભાઈને બરાબર લાગમાં લીધા. ભારે કફોડી સ્થિતિમાં મૂકાઈ ગયા. ઇન્દુએ તેનો સાડલો કાઢી ત્રણેને ઓઢાડ્યો. ધૂમાડો કર્યો. માંડ રાહત મેળવી. કીર્તિભાઈને તરતાં ન આવડે. છતાં માખીઓથી બચવા કૂવામાં ખાબક્યા. માંડ બચાવ્યા. પ ગ મચકોડાયો. કાળુભાઈને ઊલટીઓ શરૂ થઈ ગઈ. નાનજીભાઈ તો રોમના રાજા નીરોની જેમ ફિડલ વગાડતા હતા.

- માલપરામાં મહાભારત કથા

જૂન `૬૭થી માલપરાની શાળા જિલ્લા પંચાયત હસ્તકની શાળા બની. `૬૬થી આચાર્ય હું જ હતો. માલપરાના કેટલાયે પરિવારોએ મને આપ્તજન તરીકે સ્વીકાર્યો હતો. લાલજીભાઈ અને પરશોત્તમભાઈ મુખી- બન્ને ભાઈઓ મને નાનાભાઈની જેમ સાચવે. પરશોત્તમભાઈ ચતુર અને શાણા . લોકભારતીમાં વરસો સુધી ખેતી સંભાળી. નાનાભાઈ-મનુભાઈની જબરી અસર એમની ઉપર. બન્ને ભાઈઓને બહુ બને. પરશોત્તમભાઈનો નાનો દીકરો જયંતી નવમાં ધોરણમાં ભણે. મોટર સાયકલ અકસ્માતમાં અવસાન થયું.

તેમની સ્મૃતિ માટે મેં વિદ્યાર્થી ઋણભાવનાથી પ્રેરાઈને દસ મહિના સુધી રાત્રે ધાર્મિક પુસ્તકોનું વાચન કર્યું. વાલ્મીકિ-તુલસી રામાયણ, ડોંગરેજીનું ભાગવત વંચાયાં.

એક વાર પૂ. મનુભાઈએ મહાભારત કહેવાની ઇચ્છા વ્યક્ત કરેલી. માલપરામાં ૧૯૫૨માં નાનાભાઈએ ભાગવતકથા કરેલી. મહાભારતકથાની વાત નવી હતી. મહાભારત માટે માન્યતાઓ પણ વિચિત્ર. મેં આ વાત પરશોત્તમભાઈને કહી. તેમને ગળે ઊતરી. કુટુંબને સંમત કર્યું . મનુભાઈએ સાત દિવસ સુધી માલપરામાં મહાભારતની કથા કરી. બૃહદ્ લોકભારતી પરિવાર, વજુભાઈ શાહ સહિત એમને કથાના શ્રોતા મળ્યા.

- શિક્ષણયાત્રાએ ઘાટ પકડ્યો

અમદાવાદ રાજ્ય શિક્ષણભવનમાં `૭૫માં એક સપ્તાહની દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની તાલીમમાં જવાનું થયું. શિક્ષણકાર્યમાં પ્રદર્શન, ફિલ્મ અને ટેપરેકોર્ડરના ઉપયોગની વાત બરાબર પકડાઈ ગઈ. વિદ્યાર્થીઓને ઉદ્યોગ દ્વારા અર્થોપાર્જન કરવાની આવડત તો હતી જ. પહેલાં ફિલ્મ પ્રોજેક્ટર વસાવવાનો ઈરાદો જન્મ્યો. શાળાને અડીને જ લોકશાળાની જમીન માગી. ગામના સ્નાનઘાટ-પાણીઘાટનું નકામું વહી જતું પાણી માગ્યું. હાઈબ્રીડ કપાસના બિયારણનો પ્લોટ કર્યો. સારું કમાયા. બે વર્ષ હા ઇબ્રીડ બિયારણના કપાસની કોથળીઓ માટે શાળાના ટેણિયાઓની આંગળીઓએ ખાસ્સું ભંડોળ ભેગું કરી આપ્યું હતું. ૧૬ એમ.એમ.ફોટોફોન પ્રોજેક્ટર ખરીદ્યું. અમદાવાદ જતી બસના ડ્રાઈવર સાથે દોસ્તી કેળવી. તે સમયાંતરે રાજ્ય શિક્ષણ ભવનમાંથી ફિલ્મો લેતા-દેતા આવે. ચિલ્ડ્રન ફિલ્મ સોસાયટી, વરલી અને ભાવનગર માહિતી ખાતાએ પણ ઉમળકાભેર સહયોગ આપ્યો. વિદ્યાર્થીઓને અને વાલીઓને શિક્ષણ અને મનોરંજન બંને મળ્યાં.

આ જ અરસામાં ગારિયાધારમાં પૂ. મોરારિબાપુની કથા સાંભળી. માલપરામાં કોઈ કુટુંબમાં અવસાન થાય ત્યારે તેમના ઘરે બાર દિવસ પ્રાર્થના થાય. પહેલા દિવસે પ્રાથમિકશાળા , લોકશાળાના વિદ્યાર્થીઓ પણ હોય. પ્રાર્થના પછી પ્રાસંગિક વાતો, સદ્‌વાંચન કે હરિકીર્તન થાય.

તે ટાણે શ્રી બાબુભાઈ જાદવાણીનાં બા ગુજરી ગયાં હતાં. ગામમાં એક જ ટેપરેકોર્ડર. બોટાદના એક મિત્ર પાસેથી પૂ. બાપુની કથાની કેસેટ મળી. પ્રાર્થના પછી દરરોજ સાંભળીએ. શાળા માટે ટેપરેકોર્ડર ખરીદવાનો નિશ્ચય થયો. બે હજારનું ભંડોળ હતું. સુરતના અમારા મિત્ર દુર્લભજી ગોયાણીને આ ભંડોળ આપ્યું. ઘટતી રકમ તેમણે અને તેમના પરિચિતો દ્વારા ઉમેરાણી. શાળા ટેપરેકોર્ડરની માલિક બની.

પૂ. બાપુની કેસેટની પારાયણ ચોરે કરી. મેદાન ખીચોખીચ ભરાઈ જાય. કથાએ સરસ સ્વાધ્યાય આપ્યો. શાળા માટે લોકસહયોગ અને આદર વધ્યા. પૂ. બાપુની રામકથા , પૂ. ડોંગરેજીની ભગવત કથા અને પૂ. મનુભાઈની મહાભારત કથાની કેસેટોનો સેટ શાળા પાસે છે. શૈક્ષણિક કાર્યક્રમોની અને બીજી બાળ કેસેટો પણ પુષ્કળ છે.

## અમારાં પ્રદર્શનો

પ્રદર્શનોની ફાવટ હતી જ. ગાંધી શતાબ્દી વર્ષમાં દર્શનીય કથાપ્રસંગોને ચિત્રકારો અને વિદ્યાર્થીઓની પીંછી દ્વારા જીવંત કર્યા. વિદ્યાર્થીઓને પોતાની આવડતની અભિવ્યક્તિની તક મળી. સરદાર શતાબ્દી વખતે ગુજરાત વિદ્યાપીઠમાંથી સરદારશ્રીનું તૈયાર પ્રદર્શન મેળવ્યું. તેમાં અમારું ઉમેરણ અભિવ્યક્ત થયું.

એક વાર કૃષ્ણજન્મોત્સવ ઊજવવાનું વિચાર્યું. તૈયારી આરંભી. ચિત્રકાર મિત્રોનો સરસ સહયોગ સાંપડ્યો. ઇન્દુભાઈ રાજ્યગુરુ આજે તો સંગીતમાં ગળાડૂબ છે. પણ સમર્થ ચિત્રકાર. અમારા કાર્યમાં તેમની પીંછી દિલના રંગ ઉમેરતી હતી . કાર્યક્રમ હતો નિજાનંદ માટે . જાણે કૃષ્ણ સ્વયં ઉત્સાહ પ્રેરતા હતા. અમારી પૂર્વ તૈયારીથી ગ્રામજનો પ્રભાવિત થયા. તેમના તરફથી મનુભાઈને બોલાવવાનું સૂચન આવ્યું. તેઓ સાથે હું પણ આમંત્રણ દેવા ગયો.

મનુભાઈ કહે – "અષ્ટમીને દિવસે અખિલ ભારતીય શિક્ષણ સુધારણા કમિટી લોકભારતી આવે છે. હું તેનો સદસ્ય છું."

અમે કહ્યું – "આખી કમિટીને લઈને જ માલપરા આવો ?"

મનુભાઈએ હા ભણી. અમારો ઉત્સાહ બેવડાયો. ચારે દિશાઓમાંથી સહયોગ સાંપડ્યો. ભાવનગરવાળા શ્રી મણિભાઈ અલગારીને સ્મર્યા. થોકબંધ સંગૃહિત ચિત્રો તેમની પાસેથી મળ્યાં. દિવસરાત ધમધોકાર કામ ચાલ્યું. કલાકારો ઊંઘવાનું નામ ન લે. અમારા શિક્ષક નરેન્દ્રભાઈ હૃદયના વાલ્વના દરદી. ધકેલીને ઘરે મોકલવા પડે. રાત્રે બે અઢીએ જાગીને ડોકિયું કરી જાય. સૂચનો પણ કરતા જાય. ગામના મિસ્ત્રી જીવનભાઈ, કાનજીભાભા, દાસભાઈ, કાળુકાકા, ભોળુભાઈ, આશારામભાઈ, મનોહર અને અડખે પડખેના બધા શિક્ષકો ખડે પગે.

કવિ યશવંત ત્રિવેદી સંપાદિ ત 'કૃષ્ણ કવિતા' તેમાં મનોહરનું કાવ્ય. આ પુસ્તકે સરસ સહારો આપ્યો ચિત્રો નીચે લખવાનાં લખાણ ખૂટ્યાં. મારાંબહેન , બા અને અન્ય પાડોશીઓને બોલાવીને પુરાણાં ભજનોની કડીઓ મદદે લીધી. શાળાઓનો ઉત્સવ સૌનો ઉત્સવ બન્યો.

શણગારેલાં ગાડાં, ઢોલ-શરણાઈઓથી મહેમાનોનું સ્વાગત કર્યું. કમિટીએ પંચાવન મિનિટ સુધી પ્રદર્શન નિહાળ્યું. કૃષ્ણની પૂરા કદની ભાવવાહી મૂર્તિ સમક્ષ કમિટીના ચેરમેન શ્રી ચટ્ટોપાધ્યાયે કૃષ્ણાષ્ટક ગાયું. પૂ. મનુભાઈ ચોધાર આંસુએ રડે. અમે અને કૃષ્ણના ચિત્રકાર ઇન્દુભાઈ તે દિવસે ધન્યધન્ય થઈ ગયા. તે દિવસે મળેલા મનુભાઈના આશીર્વાદ અમારી જીવનમૂડી બની ગયા. મનુભાઈએ  દિવસે એક પ્રવચન આપ્યું અને રાત્રે પોણા બે કલાક સુધી ગ્રામજનોને કૃષ્ણરસમાં તરબોળ કર્યાં.

પૂ. મનુભાઈએ વળતે દિવસે બસ ભરીને લોકભારતીના કાર્યકર્તાઓને આ પ્રદર્શન જોવા મોકલ્યા હતા. તે જ વરસે ઝીલિયામાં મળેલા અખિલ ભારતીય નઈ તાલીમ સંમેલનમાં અમારા કૃષ્ણ પ્રદર્શનને મનુભાઈએ યાદ કર્યું હતું.

ઝીલિયાથી વળતાં મનુભાઈ લોકભારતીની બસમાં અમારી સાથે હતા. અમદાવાદ વજુભાઈ બીમાર. સૌ તેમના ખબર પૂછવા ગયા. શ્વાસની બીમારી. પથારીમાં ટેકે બેઠા કર્યા. તેમની લાગણીને માન આપીને સૌએ પોતાનો પરિચય આપવાનો હતો. હું ઊભો થયો. પણ મારો પરિચય મનુભાઈએ આપ્યો. કૃષ્ણકાર્યને યાદ કર્યું જ. પોતાના વિદ્યાર્થીઓનાં કાર્યને પ્રોત્સાહિત કરવાની સજાગતા મનુભાઈમાં સહજ હતી.

બાલ શિક્ષણશાસ્ત્રી શ્રી ગિજુભાઈએ મારા જન્મ પહેલાં પાંચ મહિને દક્ષિણામૂર્તિનો બૃહદ પરિવાર છોડીને વિદાય લીધી હતી. તેમનાં સાહિત્યે અને બાળવાર્તાઓએ શિક્ષક તરીકે મારી લાયકાતમાં વધારો કર્યો છે એમ હું માનું છું.

શ્રી ગિજુભાઈ શતાબ્દીવર્ષ આવી રહ્યું હતું. સવેળા પૂર્વતૈયારી આરંભી દીધી. બાળસાહિત્ય , બાળચિત્રો, લખાણો એકત્રિત થવા લાગ્યાં. પ્રાપ્ય ભંડોળ હતું જ. તેમાંથી ત્યારે મફતભાવે મળતાં અલંગ પ્રેસવૂડ , હાર્ડબોર્ડ, રંગો, પીંછીઓનો પુરવઠો ભેગો કરતા ગયા.

ચૌદ ચિત્રકાર મિત્રોએ અને માટી કામના પાવરધા ધનજીભાઈ ખોખરે ઘણા દિવસ સુધી સેવા આપી. પ્રાણીપક્ષીઓનાં પપેટ્સ મનહરભાઈ રામાનુજના માર્ગદર્શન નીચે બન્યાં. સ્ટેચ્યૂ , સવાસો જેટલાં ઓઈલપેન્ટ ચિત્રો, અને થોકબંધ વાર્તાઓના ચાર્ટ્સનું નિર્માણ થયું . ગ્રામજનોએ કલાકાર મિત્રોને જાનૈયાની જેમ સાચવ્યા. પૈસા ખૂટતા ગયા તેમ તેમ આવતા ગયા. સરસ બાળ સાહિત્ય તૈયાર થયું. પ્રદર્શન માટે રૂમો ઓછા પડયા.

શ્રી ગિજુભાઈનાં પુત્રવધૂ શ્રીમતી વિમુબહેન , શિક્ષણસચિવશ્રી રામમૂર્તિ સાહેબ , જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમરજિતસિંઘ સાહેબ , શ્રી દલસુખભાઈ ગોધાણી , શ્રી માટલિયાભાઈ, શ્રી દીપકભાઈ મહેતા , શ્રી ધોત્રેસાહેબ ઉપસ્થિત હતા . રાજ્યશિક્ષણભવન આયોજિત જિલ્લાના ૮૫ શિક્ષકોનો બે દિવસનો સેમિનાર પણ ગોઠવાયેલો. ત્રીજે દિવસે મનુભાઈ ચલાલા જતાં અમારું પ્રદર્શન જોવા આવેલા

- **શાળાની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ**

ભાષા, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યાનાં શૈક્ષણિક ઉપકરણો ખૂબ બનાવ્યાં. વિજ્ઞાનનાં સ્વનિર્મિત ઉપકરણો, રસિક મોડેલ્સ બનાવ્યાં.

અગિયાર શાળાઓનું જૂથ. તેનું કેંન્દ્ર માલપરા. આ તમામ શાળાઓને શૈક્ષણિક ઉપકરણો બનાવવા માલપરા નિમંત્રણ આપવામાં આવે. સામૂહિક પ્રયત્નોથી કુશળ શિક્ષકોની ટીમ શિક્ષણના ચાર્ટ્સ અને મોડેલ્સનું

નિર્માણ કરે. માલપરા તેને માર્ગદર્શન આપે . શિક્ષકોમાં પડેલી સર્જનાત્મક શક્તિઓને સંકોરીને બહાર લાવવા જૂથ-બેઠકો નિમિત્ત બની

ત્રીસ વર્ષ સુધી જિલ્લાની પરીક્ષા સમિતિનો સભ્ય રહ્યો. જિલ્લાના શિક્ષણને લગતા કોઈ કાર્યક્રમો હોય તેમાં વિષય તજજ્ઞ તરીકે પૂરી તૈયારી સાથે હાજર થાઉં. આ કારણે શિક્ષકોમાંથી શુભેચ્છકો-મિત્રોની સંપદા વધતી રહી.

દૈનિક અને શનિવારીય ગ્રામસફાઈ, સ્નાનઘાટ, પાણીઘાટ, ટાંકી, અવેડો, ગટર વગેરેની સફાઈ શાળા કરે. પંચાયત શાળાને શ્રમશુલ્ક ચૂકવે. આ સિવાય રાત્રિપ્રાર્થના, ગુરુવારીય સમૂહભોજન, વિદ્યાર્થીઓના અને શિક્ષકોના સમૂહ પ્રવાસો, ઉત્સવો, ઉજવણી, ઇતર પરીક્ષાઓ વગેરે કાર્યક્રમો તો ખરા જ.

જિલ્લામાં વિજ્ઞાનમેળા થાય. બે વખત ભાગ લીધો. બન્ને પ્રસંગે પ્રથમ આવ્યા.

જિલ્લાએ 'શિક્ષક દિન' ઊજવવાનું નક્કી કર્યું. આ અંગેની પૂર્વતૈયારી માટે અમરજિતસિંઘ સાહેબે કેટલાક શિક્ષકોને બોલાવેલા. પૂ. મોરારિબાપુને લાવવા પ્રયત્નો થયા. તેઓ અન્યત્ર રોકાયેલા હતા. તે વખતના જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા પન્નાલાલ પટેલનો સંપર્ક કર્યો. પણ તેઓ બીમાર હતા. અન્ય નામોની પણ ચર્ચા થ ઈ. સિંઘસાહેબે મારી પાસે નામ માગ્યું. મેં મનુભાઈનું નામ સૂચવ્યું. મારી વાતનો સ્વીકાર થયો.

જિલ્લાપંચાયત હૉલમાં મનુભાઈનું પ્રવચન અદ્ ભુત હતું. કાર્યક્રમ પૂરો થયા પછી સિંઘસાહેબે મને ઑફિસમાં બોલાવીને ઉત્તમ વક્તા શોધી આપવા બદલ અભિનંદન આપ્યાં.

ત્યારબાદ મેં તેમને મનુભાઈનું સાહિત્ય વાંચવા આપેલું. તેઓ બે વખત મનુભાઈને મળવા લોકભારતી ગયા હતા.

- **વિશિષ્ટ પ્રવૃત્તિઓ દ્વારા ઘડતર**

- બિહારમાં ભયંકર દુષ્કાળ પડયો. માલપરા લોકશાળા-પ્રાથમિકશાળાના શિક્ષકો , વિદ્યાર્થીઓ આજુબાજુનાં પંદરેક ગામોમાં મનોરંજન કાર્યક્રમો લઈને ગયા. કપડાં, અનાજ અને રોકડ રકમ એકત્રિત કરી. પૂ. રવિશંકર મહારાજ મારફતે બિહાર પહોંચાડી.
- મોરબી હોનારત વખતે શ્રી જયાબહેન શાહની રાહબરી નીચે દસ દિવસ કામ કર્યું.
- દર વર્ષે યોજાતા ગાંધી સપ્તાહ નિમિત્તે પદયાત્રામાં ભાગ લીધો.
- ભૂદાન–ગ્રામદાન પદયાત્રામાં ભાગ લીધો.
- સંસ્થાના પ્રાથમિક સારવારના દવાખાનાની જવાબદારી સંભાળી.

- ચોમાસામાં કાળુભાર નદીમાં પૂર આવે ત્યારે બેપાંચ પ્રસંગો બસના રોકાણના બને. બસનાં પ્રવાસીબાળકોને દૂધ અને મોટેરાંઓને ભોજન માટે ઘરે ઘરે વહેંચણી કરવાની ફરજ મારે શિરે આવતી. લોકશાળા અને મંડળીનાં મહેમાનગૃહો પૂરો સહયોગ આપતાં.
- સંગીત, વ્યાયામ તાલીમ શિબિર , રાજ્ય શિક્ષણભવન આયોજિત શિબિરો , પરીક્ષા સુધારણા સેમિનાર, પરીક્ષા સમિતિ, રમતોત્સવ વગેરે શૈક્ષણિક કાર્યક્રમ સ્વીકારી લેતા. ગામલોકો જરૂરી સહયોગ આપતા.

- **વસતિ નિયંત્રણ કાર્યક્રમ**

રોજમાળમાં એક સભામાં મનુભાઈએ કહેલું - "સરકારે તમામ કામો અભરાઈએ ચડાવી વસતિનિયંત્રણના એક માત્ર કામે લાગી જવું જોઈએ. આ કાર્યક્રમને સૌ કોઈએ હાર્દિક ટેકો આપવો જોઈએ."

આ કાર્યને ધર્મકાર્ય સમજી શિક્ષણ પછી આને પ્રાથમિકતા આપતો. સજાવટની કળામાં હું પાવરધો છું એવી સાચીખોટી મારી છાપ. કઠણ ભોં ખેડવા નોતરાં મળે. જાઉં પણ ખરો. કૅમ્પઆયોજન હોય , લક્ષાંકને આંબવાનું હોય ત્યારે અમારા શિક્ષકોની ફોજને કામે ચડવું પડતું.

એક વર્ષે મોટીકુંડળ આયુર્વેદિક દવાખાનાના ડૉ. ઉપેન્દ્ર દવે અને મારી વચ્ચે સહજ રીતે વધુ કેસ કોણ લાવે તેની તંદુરસ્ત સ્પર્ધા આવી પડી. ગઢડાના શિક્ષકોની જમાત મારા પક્ષે અને આરોગ્ય ખાતાની ફોજ ડૉક્ટરને પક્ષે. હું વી.ટી . કેસ લઈ જતો. સાંજે હું પાંચ-સાત કેસથી આગળ હોઉં તો સવારે ડૉક્ટર સાઈડ કાપી ગયા હોય. બન્નેને માગીએ ત્યારે વાહનની સુવિધા મળે. મોડી રાત્રે જઈએ તોયે ઑપરેશન થઈ જાય.

દવે સાહેબ ટી.એલ . માટે વાહન લઈ ગઢાળી કેસ લેવા ગયેલા. બાઈનો ધણી બહારગામથી સીધો હોસ્પિટલે આવેલો. મને જ પૂછ્યું- "દવે સાહેબ આવ્યા છે ?"તે મારા રડારમાં ઝડપાઈ ગયો. મેં પૂછ્યું - "કેટલાં સંતાનો ?"

કહે- "પાંચ."

પાંચ વી.ટી. હું લાવેલો તે શરૂ હતાં. એકનું ઓપરેશન થઈ ગયેલું. ત્રણ બહાર રાહ જોતાં હતા. મેં પેલી બાઈના ધણીનું બાવડું પકડ્યું અને ઓપરેશન થિયેટરમાં લઈ ગયો. ચાલુ ઓપરેશન બતાવ્યું. મેં કહ્યું- "ભઈલા, દરેક પ્રસૂતિ વખતે દરેક માતાને વેદના નહિ થતી હોય?" વિગતે સમજણ આપી. ઉદ્દેશ પાર પાડ્યો. તે નસબંધી કરાવવા તૈયાર થયો. દવેસાહેબ બાઈને લઈને આવ્યા. ત્યાં તેના ધણીનું ઑપરેશન થઈ ગયું હતું. પ્રેરક તરીકે મેં ફોર્મમાં દવે સાહેબનું જ નામ લખાવેલું. દવે સાહેબ તો આજે નથી. પણ તેમનાં બાળકો મને પારિવારિક સભ્ય ગણે છે.

તે વર્ષે તાલુકા અને જિલ્લાકક્ષાએ હું પ્રથમ આવેલો. ઈનામોની રકમ શાળાઓના ઓરડા માટે લોકશાળામાં ભરી અને બીજો એક ઓરડો નાની બચતની સુંદર કામગીરી સંદર્ભે મળ્યો. તાલુકાની ૯૦% શાળાઓ પાળી પદ્ધતિથી ચાલતી હતી. માલપરાને ક્યારેય તે અનુભવ લેવો પડ્યો નથી.

- **સંઘજીવનનું ઘડતર**

શિક્ષકની પ્રજ્ઞા વિકસે , પ્રામાણિક હોય, શિક્ષણની પ્રવૃત્તિઓમાં ભાગીદારીની ભાવના હોય અને બિન રાજકીય સંઘ રચાય તેમાં રસ હતો. ગઢડાએ આવા સંઘની રચના કરી જિલ્લાની માન્યતા મેળવી.

ભાવનગર જિલ્લામાં સંઘ રચવાની ચેષ્ટા થયેલી. પણ તે કોઈ ને કોઈ પક્ષીય આધારે. અમારી સફળતાની જિલ્લાએ નોંધ લીધી. જિલ્લાએ બિન સરકારી સફળ સંઘની રચના કરી. સામાન્ય રીતે હું હોદ્દાની સ્પર્ધામાં કદી પડ્યો નથી. પણ સંઘ માટે શક્તિ ખર્ચતો. સંઘર્ષ નહિ સમન્વય , ઈલેક્શન નહિ સિલેક્શન , લઘુમતી-બહુમતીને બદલે સર્વાનુમતિનો આગ્રહ રાખતો. પ્રથમ વખતે ચૂંટણી થયેલી. પણ તેના બહુ માઠાં ફળ જિલ્લાના શિક્ષકોને ચાખવા પડેલાં. હું બે દસકા સુધી સંઘપ્રવૃત્તિ સાથે જોડાયેલો રહ્યો. એમાં લવાદી બનાવાનું આકરું કામ આપદ્‌ધર્મ તરીકે મારે બજાવવું પડ્યું છે.

જીવનમાં ધન, આભૂષણો, વાડી, ગાડી, આલીશાન મકાન, માણસની સંપદા છે. તેમ સત્ત્વશીલ મિત્રો પણ એક મોટી સંપદા છે. મિત્રાચારીનો પાયો છે આસ્થા. મને ધોધમાર સ્નેહ વરસાવતા મિત્રો મળ્યા છે. તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

- **શિક્ષક કલ્યાણ નિધિ**

જ્યારે કોઈ શિક્ષકનું અચાનક અવસાન થાય ત્યારે કોઈક તાલુકામાં સંતપ્ત પરિવારને આર્થિક મદદ કરવાના શુભ હેતુથી પ્રયાસો થતા. જિલ્લા કક્ષાનો શિક્ષક નિધિ બનાવવો જોઈએ તેવી વિચારણા પણ થયા કરતી હતી.

શ્રી નરેન્દ્રભાઈ રાવળને હદયના વાલ્વનું ઑપરેશન કરાવતાં ગુમાવ્યા. બીજા શિક્ષક શ્રી ચંપકભાઈ વોરાને કેન્સરમાં ગુમાવ્યા. બન્ને વખતે પરિચિતોનો સહયોગ લઈ તેમના પરિવારોને મદદ પહોંચાડી. બીમારીમાં પણ માત્ર સહાનુભૂતિને બદલે સક્રિય રહ્યા હતા. તે વખતથી જ મનમાં શિક્ષક નિધિનાં બીજ રોપાઈ ગયાં હતાં. આ માટે એક નિમિત્ત મળી ગયું.

જિલ્લાભરમાં પૂર્ણ સાક્ષરતા અભિયાન ચાલે. કેટલીક જગ્યાએ સરસ કામ થયું. ક્યાંક કાગળ ઉપર પણ રહ્યું હશે. પરંતુ આ કામને જિલ્લા સંઘે હાર્દિક ટેકો આપ્યો. આજે અશિક્ષિતોની મોટી ફોજ શિક્ષિતોના કલંકરૂપે છે જ. છતાં અમારો ઈરાદો સરસ હતો.

શિક્ષકો માટે અવૈતનિક કાર્યક્રમ હતો. જિલ્લાના વિકાસ અધિકારીશ્રી સંજય ગુપ્તા શિક્ષકોના કામથી પ્રસન્ન. પછીથી આ જ અધિકારી સાહેબ કલેક્ટર બન્યા. અમારાં રૂડાં કામ માટે ચાંદીના સિક્કા આપી અભિનંદવા ઇચ્છે. જિલ્લા સંઘે આ તક ઝડપી લીધી. અમે વિનંતી કરી. અમે જિલ્લા કક્ષાના એક કલ્યાણ નિધિની રચના કરવા ઇચ્છીએ છીએ. નાણાં શિક્ષકોને વ્યક્તિગત આપવાને બદલે આ નિર્માણાધીન શિક્ષક કલ્યાણ નિધિને આપો, તેવી અમારી માગણી છે. અમારી વિનંતીનો સ્વીકાર થયો. એ રીતે શિક્ષક કલ્યાણ નિધિને અઢીલાખ રૂપિયા મળ્યા. અમારો ઉત્સાહ બેવડાયો.

બંધારણ સમિતિના કન્વિનર તરીકેની ફરજ પણ મારે જ શિરે આવી. ઝડપથી આ ક્રિયા આટોપી. શિક્ષક કલ્યાણ નિધિ કાર્યાન્વિત થયો. મિત્રોના આગ્રહને કારણે મંત્રીપદ સ્વીકાર્યું. જે નિવૃત્તિ પછી છોડ્યું.

જિલ્લાસંઘ અને શિક્ષક નિધિ સહોદર સંસ્થા; પરસ્પરને સહયોગ કરીએ. ત્રણ માસના ટૂંકા ગાળામાં જ સભ્યપદ દ્વારા દસ લાખથી મોટું ભંડોળ એકઠું કરી શક્યા. ક્રમશઃ વધારો થતો રહ્યો. આ ભંડોળ મારી નિવૃત્તિ વેળાએ પચ્ચીસ લાખને આંબી ગયું હતું.

ચાલુ નોકરીએ જે શિક્ષકનું અવસાન થાય તેમના પરિવારને રૂપિયા ૫૦૦૦થી આરંભાયેલી રકમ આજે ૨૫,૦૦૦ સુધી પહોંચાડી છે.

- **અનોખો શિક્ષક શિબિર**

આ જિલ્લો શ્રી નાનાભાઈ , ગિજુભાઈ અને હરભાઈની ત્રિપુટીથી સંસ્કારાયેલો છે. શિક્ષિત-દીક્ષિત થયો છે. પૂ. મનુભાઈ , મૂળશંકરભાઈ, બુચભાઈ વગેરેએ આ સંસ્કારપ્રવાહને સજીવન રાખ્યો છે . પંચાયત રાજ્યમાં શિક્ષણ સમિતિના જે ઉદ્દેશો હતા તેમાં પ્રમુખ ઉદ્દેશ પ્રાથમિક શિક્ષણમાં લોકભાગીદારી અને લોકભાગીદારી દ્વારા ભૌતિક જરૂરિયાતો સંતોષવાનો હતો. પરંતુ તે હેતુ સિદ્ધ થઈ શક્યો નહિ. ક્યારેક ક્યાંક દુષ્પરિણામોયે ભોગવવાના આવ્યાં. શિક્ષકોનો લોકો સાથેનો અનુબંધ તૂટ્યો. ટ્યૂશન-સામ્રાજ્ય ગામડાં સુધી વિસ્તર્યું. નિષ્ઠા-ભાવના ખોરવાયાં. અનિષ્ટનાં રોદણાં રોવા કરતાં કંઈક કરીએ એમ થયું.

શ્રી અજિતભાઈ સોલંકી દ્વારા ચિત્રકૂટ ધામમાં પૂ. મોરારિબાપુને મળ્યો. શિક્ષકોને સંસ્કારવા માટે શિબિરો ગોઠવવાનો વિચાર રજૂ કર્યો. પૂ. બાપુએ અમારો વિચાર સ્વીકાર્યો. કહ્યું કે-“આવું રૂડું કામ કરતા હો તો કૈલાસ ગુરુકુળનાં બારણાં તમારા સૌ માટે ખુલ્લાં છે.”

શિક્ષક નિધિએ ત્વરિત કામ ઉપાડી લીધું. શૈક્ષણિક , સાહિત્યિક અને આધ્યાત્મિક એક ત્રિવિધ હેતુ માટે પ્રતિવર્ષ ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવું એવું ઠરાવ્યું. અત્યાર સુધીમાં આવા ચાર શિબિરો થયા છે. આ શિબિરોમાં થયેલાં વ્યાખ્યાનો ઉપરથી બે પુસ્તકો પણ છપાયાં છે.

## શિક્ષકનું સામર્થ્ય અને યાત્રા – રામથી શ્યામ તરફ

ગુરુકુળનું આતિથ્ય, શ્રી જયદેવભાઈ માંકડની સુંદર વ્યવસ્થા , પૂ. બાપુની હાજરી , ગુજરાતભરમાંથી ઉત્તમ અધિકારી વક્તાઓ મળે, દાતાઓને, સંઘનો, નિધિના ટ્રસ્ટીઓનો અને શિક્ષકોનો સહયોગ સાંપડે, એ અમારું સૌભાગ્ય હતું.

શિક્ષક વિકસતો રહે, જ્ઞાનવાન-પ્રજ્ઞાવાન બને, સ્વાધ્યાયી બને, કામને ધર્મ સમજી વ્યવહાર ગોઠવે, તે અમારું લક્ષ્ય હતું. સમાજે અત્યંત રસ દાખવ્યો. પ્રકાશકોએ પ્રશંસક સહયોગ કર્યો , વાચક નિર્માણનું આ કાર્ય તો તમારું જ કામ છે, પ્રકાશકોએ અમારી આ દલીલ ગ્રાહ્ય રાખી , ઘિંગુ કમિશન આપ્યું. વક્તાઓ સ્વખર્ચે હોંશે હોંશે આવ્યા. લોકભારતીથી મનુદાદા, આચાર્ય મનસુખભાઈ સલ્લા, ડૉ. અરુણભાઈ દવે, પ્રા. યોગેશભાઈ ભટ્ટ આવ્યા. ડૉ. વસંતભાઈ પરીખ, ડૉ. દક્ષાબહેન પટ્ટણી, ડૉ. દીપકભાઈ મહેતા, ડૉ. રઘુવીર દવે, ડૉ. મોતીભાઈ મ. પટેલ, ડૉ. ઈશ્વરભાઈ પરમાર, ડૉ. ધીરુભાઈ ડોબરિયા, ડૉ. ગુણવંત શાહ, દાસભાઈ, અનુબેન ઠક્કર, મોહન દાંડીકર, કવિઓ સર્વશ્રી રમેશ પારેખ, હર્ષદ ચંદારાણા, અરવિંદ ભટ્ટ, ચીમનભાઈ પુરોહિત, કરસનદાસ લુહાર, મનહર જાની, મનોહર ત્રિવેદી વગેરે આવ્યા. વક્તાઓમાં હિમાલય સમા શીત-પાવન પૂ. મોરારિબાપુનું સામીપ્ય કાયમ રહ્યું.

ઉદ્‌ઘાટન કે આભારવિધિની કોઈ ઔપચારિકતા નહિ. પરિચય બાદ સમયાવધિ મુજબ વક્તાઓનાં વક્તવ્યો થાય. રાત્રે વાર્તા મુશાયરામાં ગૂંથાઈએ. વિદાય વેળાએ સાફસૂથરી સિમેન્ટની થેલી પુસ્તકોથી ઠાંસોઠાંસ ભરેલી હોય. પૂ. બાપુની રામકથા-કેસેટો , ઉપનિષદ ઉપરની દશ કેસેટો તથા સૂરમંદિરની પ્રાર્થનાપોથીનું ભાથું બંધાવીએ. શિબિરાર્થીઓ અગાઉથી નક્કી થઈ ગયા હોય. તેમણે નિયાત ૫૦૦ રૂપિયાથી ૭૫૦ રૂપિયા સુધીની નિર્ધારિત રકમ આપી દીધી હોય. તેની સામે તેમને જુદા જુદા લેખકોનાં ૩૦૦૦થી માંડીને ૪૬૮૫ રૂપિયાનાં પુસ્તકો આપ્યાં છે. જગદીશભાઈ રાવળ તથા જગદીશ પરમાર જેવા મિત્રોનો પુરો સહયોગ. ઝીણવટ , ખંત અને ધીરજ માગતું આ કાર્ય હતું. સૌના વિશ્વાસ ઉપર નિધિનું આ નાવ બરાબર ચાલ્યું.

એક દિવસ મનુભાઈ માલપરા આવ્યા. મને કહે -“આ વર્ષે નિધિની શિબિર કરવાના છો ?” મેં હા કહી અને ભેટ આપવાનાં પુસ્તકોની સૂચિ બતાવી. તો કહે -“અધધધ ! આટલાં બધાં પુસ્તકો ! પૈસા ક્યાંથી કાઢો છો?”

મારા જવાબથી હરખાઇને કહે -“હું આવીશ. તમે કહેશો તો પલાંઠી વાળીને કવિતા ભણાવવાય બેસી જઈશ. તમે મારી પાસે ભણ્યા છો. લાવો કાગળ, હું જીતેન્દ્રભાઈ દેસાઈ (નવજીવનવાળા)ને પુસ્તકો માટે ભલામણ લખી દઉં.”

મનુભાઈની આ ચીવટ. અને પ્રોત્સાહિત કરવાની આવી રીત.

મનુભાઈની જસલોકયાત્રા પછી અમે મિત્રો તેમની ખબર પૂછવા ગયેલા. કહે -“મારો મોક્ષ થવાનો. મને ખબર નથી પણ થાય તો મારા શિક્ષકત્વથી થાય. મારા સ્વર્ગની નિસરણી તમે વિદ્યાર્થીઓ છો.“

સાંભળે ઓછું. મને પાસે બોલાવ્યો. નિધિ વિશે પૂછપરછ કરી. મેં જવાબમાં કહ્યું કે "આ વખતે ભારતીય સંસ્કૃતિના પાયારૂપ રામાયણ, મહાભારત, ભાગવત, ઉપનિષદો ઉપર વ્યાખ્યાનો ગોઠવવાનો છું."

મનુભાઈ કહે – "મહાભારત ઉપર બોલવા હું આવીશ." મેં કહ્યું – "દાદા તમારી તબિયત. . ."

તો કહે : "હું કાંઈ થોડો કાયમ માંદો રહેવાનો છું !" મનુભાઈ આવ્યા જ. મહાભારતના મૂળ સુધી ઊંડા ઊતરેલા મનુભાઈ જેવા ગુજરાતમાં બીજા હતા પણ કોણ? તેમનાં વ્યાખ્યાનમાં અમને સૌને તરબતર કરી દીધા.

પૂ. મનુભાઈ જેવા ઋષિ અમારે આંગણે ક્યાંથી? એમ કહી પૂ. બાપુએ શાલ ઓઢાડી હરખ વ્યક્ત કર્યો.

- ગોકાદાદા

માલપરામાં ગોકાદાદા ચૂંવાળિયા કોળી. ૬૫ વર્ષના લગભગ. જિંદગી ભર કૂવા ખોદ્યા , કાળી મજૂરી કરી, નિ:સંતાન. માડી આંખે નહિવત્ ભાળે , દાદા ભજનિક. સાચકલા. અણહક્કનું ન જ ખપે. સંપત્તિમાં જૂના જમાનાનો એક હાર અને રોકડા રૂપિયા ત્રણસો.

રવજી ભગત કહે - "કાકા, મારી કાકીને આ હાર પહેરીને કોને બતાવવા જવું છે ? તમે દાડીએ જશો ને કોઈ ઉઠાવી જશે. મારી કાકી તો આંખે ભાળતાં નથી. આની રોકડી કરી લો અને પૈસા મૂકી દો બેન્કમાં."

રવજીભાઈએ હળવાશથી કહેલી વાત તેમણે ગંભીરતાથી લીધી. હારનો ઘડો લાડવો કરી રૂપિયા લઈ આવ્યા મારી પાસે. તેમના અને રવજીભાઈના , બન્નેના, નામે દશ હજાર રૂપિયા ફિક્સમાં મૂક્યા. અને છ હજાર રૂપિયા કો-ઓપરેટીવ બેન્કમાં ચાલુ ખાતામાં મૂક્યા.

ગોકાદાદા મૂડીવાળા તો થયા પણ આ મૂડી તેમને અકળાવે. આ મૂડીનું શું કરવું ? ભાગવત સપ્તાહ ઉપર વિચાર ઠરીઠામ થયો. મારી પાસે આવ્યા. કહે - "ઓલ્યા દશ હજારની ફિક્સ તોડી દો. મારો ભાગવતકથાનો વિચાર છે. આ બધું તમારે જ કરી દેવાનું છે." મેં સમજાવ્યા. પણ ન માન્યા. ભક્તમંડળીને કામ સોંપ્યું. પણ ગોકાદાદા એકના બે ન થયા. ગઢડા રામજી મંદિરના મહંત પૂ. જગદીશબાપુ સરસ કથાકાર.

અમે પાંચેક ગ્રામ પ્રતિનિધિ તેમની પાસે ગયા. વાત કરી. તેમણે કહ્યું: "ગોકાદાદા પાસેથી શુકનનો સવા રૂપિયો જ લઈશ." મુહૂર્ત આપ્યું.

માલપરા ગામનું સંગઠન કામે વળગ્યું. ભગતે તો પલાંઠીવાળી કથાશ્રવણ જ કર્યું. ગોકાદાદાને ગામે અને ગામને ગોકાદાદાએ ઊજળા કરી દીધાં.

ગોકાદાદાએ બરાબર એક વર્ષે સપ્તાહની પૂર્ણાહુતિ દિને દેહ છોડ્યો. આવા ધાર્મિક પ્રકૃતિના ગોકાદાદા અમારા માલપરા ગામનું ઊજળું રતન હતા.

## યાત્રા - શિક્ષકની અને શિક્ષણની

- બેવાર મોટી બીમારી આવી ગઈ.

૧૯૬૨માં પહેલી બીમારી આવી. સાડા ચાર માસ અમરગઢ હોસ્પિટલમાં રહ્યો. ડાબું ફેફસું કાઢી નાખવાનું મોટું ઑપરેશન આવ્યું. મુંબઈથી મારા ગ્રુપનું લોહી પણ આવી ગયું. ઑપરેશનની તારીખ પહેલાં ત્રણ દિવસે મારા વોર્ડ ડૉક્ટર આનંદસાહેબને મેં કહ્યું: "સાહેબ, મુઝે ઓપરેશન કા બિલકુલ ડર નહિ હૈ લેકિન મુઝે લગતા હૈ કિ ઓપરેશન કી જરૂરત નહીં પડેગી." તે જ દિવસે મારો એક્સ-રે લેવાયો. તે નેગેટીવ આવ્યો. મને રજા આપવામાં આવી.

તેત્રીસ વરસ પછી બીજી બીમારી આવી. લિવરનો સોજો. વીસ દિવસ હૉસ્પિટલમાં રહ્યો. આ દર્દમાં બચવાની સંભાવના ત્રણ ટકા જ. હું બચી ગયો. ફરી દવા લેવી પડી નથી.

પિતાજીનું ગાયત્રીતપ જબરું, આસ્થા પણ જબરી. અમારા કલ્યાણનો યશ ગાયત્રીને આપવાનું અમને ગમે.

- ઈન્દુ ૧૯૬૦માં પી.ટી.સી. થયેલી. ૧૯૬૨માં અમારાં લગ્ન થયા. ૧૯૬૩માં જૂનથી તેણે સોનગઢમાં નોકરી સ્વીકારી. હું હૉસ્પિટલે. ઘરકામ , મારી સંભાળ, મહેનોની સંભાળ, શિક્ષક તરીકે જવાબદારીમાં ક્યારેય ઊણી ઊતરી નથી. `૬૫થી નિવૃત્તિ. માલપરામાં મારી સિદ્ધિમાં તેમની ભાગીદારીનો ગૌરવ પૂર્વક સ્વીકાર કરું છું.
- દર વર્ષે એક સપ્તાહ માટે ગાંધી પદયાત્રા નીકળતી. એવી એક પદયાત્રામાં અમે બારડોલી વિભાગમાં ગયેલા. હું, લાલજીકાકા, દેવજીભાઈ ચાવડા અને કેશવભાઈ મોરડિયા ઉનાળુ વૅકેશનમાં આઠ દિવસની આ યાત્રામાં જોડાયેલા. અમારા આગેવાન લાલજીકાકા. દેવજીભાઈ, કેશવભાઈની ટુકડીના આગેવાન કરસનભાઈ પટેલ. આઠમે દિવસે બારડોલી ભેગા થવાનું. ત્યાં ત્રણ દિવસનો શિબિર. જયપ્રકાશજી આવવાના હતા. જે.પી. સાથે ગાળેલા એ ત્રણ દિવસ જીવનનું એક સંભારણું બની ગયા. તેમના વિશે વાંચ્યું હતું ઘણું , પ્રત્યક્ષ દર્શન તે દિવસે થયાં. આવડી મોટી વિભૂતિ, પણ તેમની સહજતા, સરળતા, હસતો ચેહરો, નિર્ભય, નિર્વૈર નિરાંડબરી વાણી, યુવાનોની પ્રેરણામૂર્તિ, તીર્થસ્વરૂપ જે.પી. સાથે અમે ત્રણ દિવસ રહ્યા ! એ તીર્થને અભડાવવાનું દુષ્કૃત્ય આ દેશમાં થયું હતું ! તેની વેદના જનતાને રૂંવે રૂંવે અનુભવવી પડી છે !
- લોકભારતીમાં જે શિક્ષણ મળ્યું હતું તેને કારણે ઈનામ, ઍવૉર્ડ કે પુરસ્કારો તરફ પ્રથમથી જ રુચિ નહિ. રાજય અને રાષ્ટ્રીય પારિતોષિકની દરખાસ્તો આવેલી પણ હું ઈન્કાર કરતો હતો. પૂ. મનુભાઈ રાજકોટ અશોક ગોંધિયા હૉસ્પિટલમાં. અમે પાંચેક મિત્રો ખબર પૂછવા ગયેલા.

મને પાસે બોલાવ્યો. કહે – "પ્રતાપરાય, તમને ઍવૉર્ડ મળેલ છે ?"

મે કહ્યું – "ના."

તો કહે – "હું ચીમનલાલને ભલામણ કરીશ."

મનોહર કહે – "પણ ભાઈ તો લેવા જ માગતા નથી."

મને કહે – "કેમ ભાઈ?"

મેં કહ્યું : "લોકભારતીનું શિક્ષણ."

તો કહે : "બહુ સારું, બહુ સારું. મને ગમ્યું."

- એક વાર રાજકોટવાળા ગુલાબભાઈ જાની અને તેમનાં પત્ની ઉષાબહેન પર્યાવરણના કાર્યક્રમ નિમિત્તે માલપરા આવેલાં. બન્ને શિક્ષણમાં ઓતપ્રોત. અમારી પ્રાથમિકશાળામાં આવ્યાં. અમારી મહેનત , દિશા અને સમજ માટે અભિનંદન આપ્યાં.

ત્રણેક વર્ષ પછી ઓચિંતો તેમનો ફોન આવ્યો. "આ વર્ષથી અમે 'સિસ્ટર નિવેદિતા ઍવૉર્ડ' શરૂ કરવા ઇચ્છીએ છીએ. એક બાલમંદિરના અને એક પ્રાથમિકશાળાના શિક્ષકની પસંદગી કરવા ઇચ્છીએ છીએ. તમારી સંમતિ માટે જ ફોન કર્યો છે."

હું મૂંઝાયો. મેં જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકની સ્પર્ધામાંથી પણ જાતને દૂર રાખેલી. હવે મારે શું નિર્ણય લેવો ? છેવટે સ્વજનો–મિત્રોના આગ્રહથી સંમતિ મોકલી.

આદરણીય શ્રી નવલભાઈ શાહના પ્રમુખપદે , પૂ. શ્રી જિતાત્માનંદજીના હસ્તે , શ્રી જયાબેન શાહ અને રતિભાઈ ગોંધિયાની ઉપસ્થિતિમાં ઍવૉર્ડ અપાયો. ઍવૉર્ડ સ્વીકારતી વખતે લોકભારતી, લોકભારતીના ગુરુજનો, માટલિયાભાઈ, મિત્રો અને માલપરાનો ઋણ સ્વીકાર કર્યો. પ્રત્યેક માણસની પ્રગતિમાં અનેકનાં આશીર્વાદ, હાર્દિક શુભેચ્છા, આત્મીય સહયોગ હોય છે જ, તે વિના પ્રગતિ શકય નથી તે વાત પણ કહી.

## લોકદક્ષિણામૂર્તિ સન્માન

લોકભારતી દર વર્ષે વાર્ષિકોત્સવ વખતે ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરે છે. એ રીતે હું પણ લોકદક્ષિણામૂર્તિ ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન મેળવવા સદ્ ભાગી થયો. મારી સંસ્થાએ જ મારું સન્માન કર્યું. એટલે મોટો પુરસ્કાર મળ્યો હોય એટલો હરખ થયો. આ સન્માન શ્રી અંબુભાઈ શાહને હસ્તે પ્રાપ્ત થયું. યોગાનુયોગ પણ કેવો ? પૂ. સંતબાલજીના ત્રણ નિકટના સાથીઓ માટલિયાભાઈ , નવલભાઈ અને અંબુભાઈ. તેમના હસ્તે સન્માન પ્રાપ્ત થયું ! એટલે વિશેષ આનંદ થયો. બન્ને વખતે એવૉર્ડમાં મળેલી રૂપિયા પાંચ પાંચ હજારની રકમમાં મેં છ છ હજાર ઉમેરીને આ રકમ શિક્ષક કલ્યાણનિધિને અર્પણ કરી છે.

- **નિવૃત્તિ પછી** :

શિક્ષક કલ્યાણ નિધિ સહાયને ઈરાદે શ્રી વલ્લભભાઈ સવાણી 'ટોપી'ને મળવા રાણપરડા (પાલીતાણા) ગયેલો. શાળાના ઓરડાના ભૂમિપૂજનનો પ્રસંગ. સભા થોડી વહેલી શરૂ થઈ. ધારાસભ્યશ્રી આવવાના બાકી હતા. મને અને નર્મદાશંકરભાઈને શક્ય તેટલું લાંબું બોલવા કહ્યું. બોલાયું. નિધિને ૨૫૦૦૦ રૂપિયનો સહયોગ સાંપડ્યો.

આ વલ્લભભાઈ મારી નિવૃતિ પછી મારા ઘરે આવ્યા. મને કહે -"કયારે નિવૃત્ત થાઓ છો ?" મેં કહ્યું : "પંદર દિવસ થયા." એ કહે : "મારે પાલીતાણા તાલુકામાં તમારી વૈતનિક સેવા લેવી છે. કેવી રીતે કામ કરવું ફાવે ?" મારા જવાબથી તેમને સંતોષ થયો હશે. તેમના તરફથી પંદર દિવસમાં નવી મોટરસાયકલ મળી ગઈ. મેં મારું કામ આરંભી દીધું. શિક્ષક કલ્યાણ નિધિ દ્વારા દરેક શિક્ષક્નો પૂર્વ પરિચય હતો. આ તાલુકામાં જિલ્લા શિક્ષણભવન દ્વારા તજજ્ઞ તરીકે વર્ગ લેવાનું બનેલું. શાળા વિકાસ માટે લોકોનો સહયોગ મળે ત્યાં સહાય કરવી તેવી નીતિ રાખેલી. સુરતથી વલ્લભભાઈ માંગુ તેટલી રકમ મોકલતા. એક વર્ષ કામ કર્યું. ઉભય પક્ષે સંતોષ હતો. વર્ષાંતે સમગ્ર હિસાબ આપ્યો. હિસાબ સામે જોયા વિના જ કહે – "મારે કેટલા દેવાના છે ? હિસાબ ભલે તમારી પાસે રહ્યો." ઓછું ભણેલા, પણ માણસને માપવાનો ગજ તેમનો અનોખો.

એક આત્મીય મિત્ર રમેશભાઈ ગોસ્વામીના આગ્રહથી સિહોરની નંદલાલ ભૂતા સ્કૂલની જવાબદારી સ્વીકારી છે. ૬૩ વર્ષે ગમતી પ્રવૃત્તિમાં સક્રિય છું. સ્વાન્તઃ સુખાય.

જીવનનુ એક ફલક વિસ્તરતું જાય , પ્રવૃત્તિઓ વધારતા જઈએ, પ્રતિષ્ઠા બંધાઈ ત્યારે અહંશૂન્ય બનવું અઘરું છે. માલપરાનાં છેલ્લાં પાંચ વર્ષમાં ક્યાંક તનાવ આવ્યો , મિત્રો વચ્ચે નજીવી તિરાડો ઊભી થઈ, સંગઠિત રહેવા ટેવાયેલા ગામમાં નવાં પરિમાણો આવ્યાં . અંતે હેમખેમ પાર ઊતરાયું. દરેક ફળ કાચું હોય ત્યારે તેનો સ્વાદ એક અને પાકે ત્યારે મધુર. તે એક ઈશ્વરીય સદ્ ઘટના છે. પાકટ વયે પ્રસન્નતા હોવી તેયે એક સદ્ ઘટના જ છે.

## બાયોડેટા

નામ : પ્રતાપરાય રતિલાલ ત્રિવેદી / વતન : માલપરા

જન્મ તારીખ : ૧૩-૦૯-૧૯૩૯

અભ્યાસ : પ્રાથમિક : ગણેશગઢ, તા. ગારિયાધાર.

માધ્યમિક : દામનગર, તા.લાઠી

પી.ટી.સી. લોકભારતી–સણોસરા, ૧૯૫૬-૫૮

**કાર્યસેવા** : જૂન – ૫૮થી ચોસલા પ્રા. શાળા, તા. ગઢડા, ૧.૬ વર્ષ, ગુંદાળા પ્રા. શાળા, તા.ગઢડા, ૧ વર્ષ બાકીની નિવૃત્તિ સુધી માલપરા પ્રા. શાળા, તા. ગઢડા. ચાર વર્ષ : પ્રાયોગિક શાળામાં શિક્ષક તથા જૂન – ૬૬થી આચાર્ય, પ્રાથમિક શાળા માલપરા, નિવૃત્તિ : ૩૧-૧૦-૯૭.

**નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ** : ૧ વર્ષથી વલ્લભભાઈ પી. સવાણી દ્વારા પાલીતાણા તાલુકામાં શૈક્ષણિક, સહ શૈક્ષણિક તથા ભૌતિક વિકાસ માટે કામગીરી કરી. શાળાઓને આર્થિક સહયોગ કર્યો. જૂન– ૨૦૦૦થી શિહોર નંદલાલ ભૂતા સ્કૂલનું સંચાલન અને આચાર્ય તરીકેની કામગીરી શરૂ છે.

**પરિવાર** : પુત્ર : દિગીશ –૩૨ વર્ષ બી.એ. , સચીન સુરતમાં, કાપડ ઉદ્યોગમાં. પુત્રીઓ : મીરાં – ૩૫ વર્ષ , વડોદરા એમ.કોમ., બી.એડ., હેતલ ૨૮ વર્ષ કપડવંજ બી.એસ.સી. , બી.એડ. વિકલાંગની કામગીરી, રચના – ૨૫ વર્ષ એમ.એ., બી.એડ. ધોળા હાઈસ્કૂલમાં શિક્ષિકા, પત્ની : ઇન્દુબહેન – ૬૩ વર્ષ પી.ટી.સી. નિવૃત્ત શિક્ષિકા.

**પ્રતિષ્ઠિત કરનારી ક્ષણો** : રાજ્ય–રાષ્ટ્રના શ્રેષ્ઠ શિક્ષકની વારંવારના આગ્રહ છતાં સ્પર્ધાત્મક ઘટનામાં જાતને ન જોતરી. સિસ્ટર નિવેદિતા એવૉર્ડની શરૂઆત મારાથી થઈ. લોકભારતી દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીનું સન્માન પ્રાપ્ત થયું. ત્રણ દાયકા સુધી જિલ્લા પ્રાથમિક શાળાની પરીક્ષા સમિતિમાં પ્રશંસનીય કામગીરી બજાવી. માલપરા શાળાને જિલ્લાની શ્રેષ્ઠ શાળામાં સ્થાન અપાવ્યું.

કુટુંબ નિયોજન અને નાની બચતમાં જિલ્લા કક્ષાએ અનેક વાર શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કર્યું. જિલ્લાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વર્ષો સુધી અગ્રિમ ભૂમિકા ભજવી. જિલ્લા –તાલુકા સંઘમાં હોદ્દો ન સ્વીકારી ચૂંટણીને બદલે સર્વાનુમતિ સ્વીકારનો આગ્રહ રાખ્યો. જરૂર પડી ત્યારે લવાદી કરી. ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ કલ્યાણ નિધિના નિર્માણમાં અને તેની પ્રગતિમાં, શિક્ષકત્વના વિકાસમાં ઉમદા મથામણ કરી. શિ. નિધિના નેજા નીચે જિલ્લાના શિક્ષકોની ત્રણ દિવસીય , ચાર સાહિત્યિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક શિબિરોનાં આયોજન – સંકલન કાર્યો કર્યાં. પૂ. મોરારિબાપુના આશીર્વાદથી અને સહયોગથી પ્રાપ્ત થઈ શક્યા. કૈલાસ ગુરુકુળ મહુવાએ પીઠિકા પૂરી પાડી. પૂ. મનુદાદા , ભૂમિપુત્રના આ. પ્રસન્નવદનભાઈ અને અનેક મહાનુભાવોએ આ પ્રવૃત્તિને આશીર્વાદ આપ્યા. આજે પાંસઠ વર્ષેય શિક્ષણનું સેવાકાર્ય થઈ રહ્યું છે.